ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૮ || અંક: ૬ || જૂન ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૬

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# નવનિર્મિત ઈપ્કોવાળા લૉ કૉલેજનું લોકાર્પણ



















ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી ખાતે આર. એન. પટેલ ઈપ્કોવાળા સ્કુલ ઓફ લૉ એન્ડ જસ્ટિસનો લોકાર્પણ સમારોહ પં.પૂ. મહંતશ્રી ગણેશદાસજી મહારાજ, શ્રી સંતરામ મંદિર ઉમરેઠ, પં.પૂ. સંતશ્રી રતિલાલ પટેલ (રતિકાકા), કુલગુરુ યોગી વિદ્યાપીઠ, અનુપમ મીશન મોગરી, પ.પૂ. શ્રી ભગવતચરણ સ્વામીજી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, આણંદ, પં.પૂ.શ્રી સર્વમંગલ સ્વામીજી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નડિયાદ, પં.પૂ. મહંતશ્રી મોરારિદાસજી મહારાજ, શ્રી સંતરામ મંદિર કરમસદ, પ.પૂ. સંતશ્રી સત્યદાસજી મહારાજ, શ્રી સંતરામ દેરી, નડિયાદ, પં. પૂ. સંતશ્રી નિર્ગુણદાસજી મહારાજ, શ્રી સંતરામ મંદિર નડિયાદ, પં. પૂ. સ્વામીશ્રી જગદીશ્વરાનંદજી આનંદ ભવન, ભીમપુરા, ચાંદોદ, પં.પૂ. શ્રી નૌતમ સ્વામીજી, અધ્યક્ષશ્રી સત્સંગ મહાસભા, વડતાલધામ, પ.પૂ. શ્રી નારાયણચરણદાસજી સ્વામીજી, અધ્યક્ષશ્રી વ્રજભૂમિ સંસ્થાન, મોગર, પં. પૂ. બ્રહ્મચારીશ્રી સુમિતપ્રકાજી, ઓમકાર સાધના આશ્રમ, લાંભવેલ, પં. પૂ. ગુરુપ્રસાદ સ્વામીજી, આત્મિય વિદ્યાધામ, બાકરોલ તથા પૂ. ગોપાલદાસજી (પૂર્વાશ્રમ, શ્રી રાજેશભાઈ રમેશભાઈ પટેલ) ની દીવ્ય ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

આ પ્રસંગે સંતોનું અભિવાદન કરતા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ, માનદ્ સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલ દૃશ્યમાન થાય છે. આ પ્રસંગે પ્રેસિડેન્ટશ્રીએ શ્રી દેવાંગભાઈ રમેશભાઈ પટેલનો તેમના ઉદાર દાન અને અવિરત સમર્થન માટે હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત પટેલ, રજિસ્ટ્રાર પ્રો. (ડૉ.) સંદિપ વાલિયા, સીવીએમ યુનિવર્સિટીના અન્ય પદાધિકારીશ્રીઓ, કર્મચારીગણ તથા સંસ્થાના વિદ્યાર્થિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જ્યારે સી.વી.એમ.ના માનદ્ સહમંત્રીશ્રી વિશાલભાઈ પટેલે આભાર વિધિ કરી હતી.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જૂન-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૬
સળંગ અંક : ૬૫૬

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

કર્મણ્યેવાધિકારસ્તે



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ** — શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ** — શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ** — શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી** — ડૉ. એસ. જી. પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ — શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મૅનેજમૅન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલ સ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળ સ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

પ્રેમ પદને પામવા, તું મેલી દે મનની તાણ;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે ભક્તિ છે નિર્વાણ.
મન ! તું હજી શિખામણ માન.


|| પ્રાથમ્ય || Happy Mother's Day................૩
**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાવટી)**

|| વૈભવ અને વારસો || .................................૬
**પદ્ય-વિભાગ :** ભોજો ભગત

|| નવાં કાવ્યો || .........................................૭
**બાબુ નાયક, નિકુંજ ભટ્ટ,**
**સુધીર પટેલ, શૈલેશ ગઢવી**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** નબળી સાધુતા.........................૮
**કિશોરલાલ મશરૂવાળા**

|| લઘુકથા-૧ || ''સારે જહાં સે અચ્છા...''...............૯
**પી. એમ. લુણાગરિયા**

|| લઘુ-લલિત નિબંધ ||.................................૧૦
**રમેશ પટેલ**

|| કેળવણી || જેવી કેળવણી, તેવું રાષ્ટ્ર ..................૧૧
**મનસુખ સલ્લા**

|| બોધ કથા || પ્રસંગની સારપ........................૧૩
**ઉમેશ જોષી**

|| હળવો નિબંધ || બેક(ગ) ટુ સ્કૂલ.................૧૪
**સ્વાતિ મેઢ**

|| ઐતિહાસિક || 'ગુજરાતનું અપ્રતિમ વાવ સ્થાપત્ય'..૧૭
**કે. સી. બારોટ**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૭
**આર. કે. માંડલિયા**

|| ગ્રંથાવલોકન || નવા વિષયની નવતર કથા
'સરોગેટ'....................................................૨૮
**સંકલન : સ્વાતિબિંદુ મહેતા (લેખક : રાઘવજી માધડ)**

|| વિદ્યાવૃત્ત || ................૫, ૮, ૯, ૧૬, ૩૧, ૩૨



ISSN 0976-9609

## || પ્રાથમ્ય ||

## Happy Mother's Day

**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાવટી)**

'વિભા લોકરની ચાવી ક્યાં છે ?'

કડક શબ્દમાં ભાવેશ બોલ્યો,

વિભા બોલી 'કેમ આજે લોકરની ચાવીની તમને જરૂર પડી.'

એ તારો વિષય નથી. ચાવી ક્યાં છે ?

કેમ આજે સવારે અચાનક આવો ખરાબ વ્યવહાર કરવાનું કારણ ?

'એ તું સારી રીતે જાણે છે વિભા. હું ઘરની નાની બાબતમાં માથું મારતો નથી પણ જે સૂચના મેં આપી હોય તેનું ઉલ્લંઘન હું ચલાવી પણ લેતો નથી તે તું જાણે છે છતાં પણ તેં ?' પણ તેમાં શું મોટું આભ તૂટી પડ્યું કે તમે તમારી પત્ની સાથે આવું વર્તન કરો છો, 'વિભા બોલી, વિભા કોઈ વ્યકિત વિશેનો ઇતિહાસ ખબર ન હોય તો અયોગ્ય પગલાં ન લેવા જોઈએ તું શું જાણે છે, મારી મા વિશે ?'

તને મારી માંના સ્વર્ગસ્થ થયા પછી હું તેની પીતળની થાળી, વાટકો, અને ચમચી ભોજન દરમ્યાન વાપરતો હતો એ ગમતું ન હતું.

તું ક્યારની મને આ થાળી, વાટકી, ચમચી ભંગારમાં આપવાની જીદ પકડતી હતી. તારા સ્વભાવ અને નજર પ્રમાણે મારી માંની થાળી એંઠી ગોબાવાળી થાળી, વાટકી કે ચમચી જ માત્ર હતા.

આ બાબતે મેં તને ચેતવણી આપી હતી. તારે જે કરવું હોય તે કરજે પણ આ થાળી, વાટકો કે ચમચી માટે કોઈ નિર્ણય લેતી નહિ.

છતાં પણ તેં એ થાળી વાટકી અને ચમચી ભંગારવાળાને વેચી નાખ્યા ?

તને મારી માંની જૂની ગોબાવાળી થાળી પસંદ ન હોય તો તેના પહેરેલા જુનાં ઘરેણાં ઉપર પણ તારો અધિકાર નથી.

'મને ચાવી આપ. એ ઘરેણાં હું કોઈ ગરીબ વ્યક્તિને આપી દઉ.'

વિભા મારી સામું જોઈ રહી.

અંદરથી મારો પુત્ર શ્યામ આવ્યો પપ્પા આટલા બધા કદી ગુસ્સે નથી થતા કેમ આજે...?

મેં આંખમાં આંસુ સાથે કહ્યું, 'તારી દાદી અને મારી માં ની એક યાદ, તારી માંએ ભંગારમાં વેચી નાખી. એ પણ મારી સ્પષ્ટ ના હોવા છતાં.' 'પણ પપ્પા એ થાળી,' 'બેટા એ થાળી, વાટકી ચમચીનો ઇતિહાસ તારે જાણવો છે ?'

'આજે તું અને મમ્મી મારી સાથે આવો. આજે મારે ઓફિસે નથી જવું.'

હું શ્યામ અને વિભાને લઈ અમારા ગામડા તરફ કારમાં આગળ વધ્યો.

મેં મારા ગામડાના મંદિર પાસે કાર ઊભી રાખી. અંદરથી અમે નીચે ઊતર્યા. ત્યાં પૂજારી પંડ્યા દાદા દોડતા આવ્યા, 'અરે ભીખા તું ?' મારી પત્ની અને મારો પુત્ર શ્યામ મારી સામે જોઈ રહ્યા..

એક MNCનો જનરલ મેનેજર જેનો મહિને પગાર ૪ લાખ રૂપિયા. તેને પૂજારી આ રીતે બોલાવે એ તો વિભા કે શ્યામને ખબર જ ન હતી. હું પૂજારીને પગે લાગ્યો. પૂજારી બોલ્યા,

'બહુ મોટો વ્યક્તિ થઈ ગયો બેટા. મેં કહ્યું, આ બધું આ પ્રભુ અને મારી માંની કૃપા સમજો.' અમે દર્શન કરવા મંદિરની અંદર ગયા. દર્શન કર્યા પછી પૂજારીએ કહ્યું, 'જમ્યા વગર જવાનું નથી.' પૂજારી પંડ્યા દાદાએ પૂછ્યું, 'બા કેમ સાથે ન આવ્યા ?'

મારી ભીની આંખ જોઈ પંડ્યા દાદા સમજી ગયા. એ બોલ્યા, 'બેટા તારી માંની અંદર ગજબનો આત્મવિશ્વાસ હતો. ભણી ભલે ઓછું હતી પણ તારો ઉછેર વગર બાપે ગજબનો કર્યો, એવો ઉછેર બાપ

હોય તો પણ કોઈ માં ન કરી શકે. 'પંડ્યાદાદા મારા પરિવાર સામે જોઈ બોલ્યા,' આ ભીખલાનું સાચું નામ ભાવેશ છે, પણ ગામ આખું તેને ભીખો કહી પ્રેમથી બોલાવતું. કારણ ખબર છે..?

'શાંતાબાના ઘરે ત્રણ વખત ઘોડિયા બંધાયા. પણ કોઈ પણ કારણથી આ બાળકોનું મૃત્યુ થતું.' ચોથી વાર આ ભાવેશ આવ્યો, ત્યારે તેની મા શાંતાબાએ તેના લાંબા આયુષ્ય માટે ચંપલ આખી જિંદગી ન પહેરવાની અને બે વર્ષ પાંચ ઘરે માંગીને ખાવાની બાધા લીધી હતી. સવારે માંગીને ખાય. ઘણી વખત પેટ પૂરતું ન પણ મળે. રાત્રે તો એક સમય ખાધા વગર ખેંચી લેતા. બે વર્ષ રોજ રોજ કોઈના ઘરે માંગવા ઊભા રહેવું સહેલું નથી.

એ પણ ભીખલાના લાંબા આયુષ્ય માટે. ઉનાળો હોય કે શિયાળો, કે પછી ચોમાસુ, ખુલ્લા પગે, ભીખલાના લાંબા આયુષ્ય માટે ફરતી એ માંનું સ્વપ્ન મારી નજર સામે પૂરું થયું.

થયું એવું, ભીખલો તો બચી ગયો પણ એક વર્ષનો તેને મૂકીને તેનો બાપ ટૂંકી બીમારીમાં સ્વર્ગસ્થ થયો. શાંતાબા ઉપર આભ તૂટી પડ્યું છતાં પણ તે હિંમત હાર્યા નહિ. ગામનાં ઘરકામો કરે, પછી ખેત-મજૂરી કરે, ત્યારે ભાવેશને અહીં મંદિરમાં વાંચવા માટે મારી પાસે મૂકી જતા.

ગામ આખાના કામ કરી અહીં આવે ત્યારે શાંતાબા થાકેલા હોય પણ મનમાં દઢ વિશ્વાસ હતો મારા ભાવેશને મોટો સાહેબ બનાવવો છે. 'શાંતાબાને હું મારી બેન જ માનતો.' મારી આંખોમાંથી અવિરત આંસુ વહી રહ્યા હતા. મારો પુત્ર પણ દાદીની વાતો સાંભળી રડી પડ્યો.

મારી પત્ની વિભા હાથ જોડી બોલી, 'ભાવેશ મને માફ કર. માંને સમજવા માટે દસ અવતાર ઓછા પડે.' એ પણ રડી પડી અને બોલી ફક્ત સાંભળીને આટલું દુઃખ થાય એ જનેતાએ વેઠ્યું હશે ત્યારે કેવું દુઃખ થયું હશે. ભાવેશે ચેકબુક કાઢી, 'પંડ્યાદાદા એક કામ કરવાનું છે. બોલ બેટા, તું પાછો ક્યારે દેખાવાનો.' 'દાદા વર્ષોથી મારી એક ઇચ્છા હતી એ અચાનક આજે પૂરી કરવાનો અવસર મળ્યો છે.'

'આ મંદિરની છત્ર છાયામાં તમારી દેખરેખ નીચે હું ભણ્યો હતો.'

આ બે ચેક ૨.૫ લાખના છે એક મંદિરનો બીજો તમારો.

'અરે બેટા,'

'અરે દાદા હવે અગત્યનું કામ મારી માં જે પાંચ ઘરે માંગીને મારા માટે ખાતી એ પાંચ ઘર મને તમે બતાવો.

મારી સાથે કારમાં બેસી જાવ. આજે મારી માંનું સમાજ પ્રત્યેનું ઋણ ઉતારવાનો સમય આવ્યો છે. મારા ઉપરનું ઋણ હું સાત જન્મ સુધી ઉતારી શકું તેમ નથી.'

પંડ્યાદાદાએ પાંચ ઘર બતાવ્યા. એ દરેક વડીલોને પગે લાગી એક ૨.૫ લાખના ચેક દરેક વ્યક્તિને આપી તેમનો દિલથી મેં આભાર માન્યો. રસ્તામાં પંડ્યા દાદા કહે, 'બેટા, વાસ્તવમાં લોકો બારમું તેરમું અસ્થિ વિસર્જન મા-બાપના મોક્ષ માટે કરતા હોય છે પણ તેં તારી મા ને આજે ઋણમુક્ત કરી છે તેનો મોક્ષ નક્કી છે. ધન્ય છે. બેટા, તારા જેવા સંતાન દરેકના ઘરે થજો.'

મંદિરે પંડ્યાદાદાને ઉતારી અમે પાછા ઘર તરફ રવાના થયા. કારમાં સોપો પડી ગયો. કોઈ પાસે બોલવા માટે શબ્દો ન હતા

ત્યાં શ્યામ બોલ્યો 'પપ્પા આજે તમને ખબર છે Mother's Day છે ?'

'ના બેટા. માબાપને જીવતા ઈજ્જતથી બોલાવો, પ્રેમ આપો, સમય આપો, તો રોજ Mother's Day અને Father's Day જ છે. શ્યામ મારી સામે જોતો રહ્યો.'


ISSN 0976-9609

અમારા ઘર પાસે વાસણની દુકાન પાસે વિભાએ કાર ઉભી રખાવી અને તે અંદર ગઈ થોડા સમય પછી એ બહાર આવી ત્યારે તેના હાથમાં મારી માં ના જુના થાળી, વાટકી અને ચમચી હતા. વિભાએ મારા હાથમાં મુક્તા બોલી 'આ દુકાને મેં કાલે જ વેચ્યા હતા આજે ફરી ખરીદી લીધા. જો આ થાળીનો સેટ વેચાઈ ગયો હોત તો હું મારી જાતને આખી જિંદગી માફ ન કરત. ભાવેશ મને માફ કર. આ થાળીની તાકાત સમજવા માટે હું નબળી અને નાની પડી.' વિભા હું માફ કરનાર કોણ ? મેં તો ફક્ત લાગણીના સંબધો કેટલા ઊંડા હોય છે તે સમજાવવા પ્રયત્ન કર્યો, ચાલ કારમાં બેસ. વિભા બોલી 'બેસું પણ એક શરતે, મારા પાપોના પ્રાયશ્ચિતરૂપે હવેથી હું આ થાળીમાં રોજ જમીશ. મંજુર ?' ભાવેશ બોલ્યો, 'વિભા તને તારી ભૂલ સમજાઈ એ મારા માટે ઘણું છે. તું જમે કે હું જમુ એ અગત્યનું નથી. આવી આદર્શ કોઈ પણ વ્યક્તિ હોય તેને જીવતા અને તેમના ગયા પછી પણ આદર આપવો એ આપણી ફરજ બને છે. બાકી વિભા પ્રેમનું બંધન એટલું પાક્કું હોવું જોઈએ, કે કોઈ તોડવા આવે તો એ પોતે જ તૂટી જાય.'


માનદ્ મંત્રી

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦

E-mail : sgpatel1948@gmail.com


## ।। વિદ્યાવૃત્ત ।।

### સીવીએમ યુનિવર્સિટીની એડીઆઇટી કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે વડોદરા ખાતે એલ્યુમની મીટનું આયોજન

સીવીએમ યુનિવર્સિટીની ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી કોલેજ દ્વારા વડોદરા ખાતે તા.૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. આ એલ્યુમની મિટમાં વિવિધ એન્જિનિયરિંગ બ્રાન્ચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. સીવીએમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ (પ્રો) (ડૉ.) ઇન્દ્રજીત પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આવા સંમેલનમાં બહોળી સંખ્યામાં હાજર રહેવા આહવાન કર્યું હતું. તેમણે એ પણ જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ટ્રેનિંગ, ઇન્ટર્નશિપ, પ્રોજેક્ટ, પ્લેસમેન્ટ જેવી વિવિધ બાબતોમાં હાલમાં ભણતા વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ શકે છે.

એલ્યુમની કોર્ડિનેટર ડૉ. હાર્દિક શાહના જણાવ્યા મુજબ આ એલ્યુમની મિટ દરમિયાન વિદ્યાર્થીઓના ઇન્ટર્નશીપ, પ્રોજેક્ટ, એક્સપર્ટ ટોક, જેવી વિવિધ ઇવેન્ટ્સને પ્રોત્સાહન આપવા માટે ઇન્ડસ્ટ્રીઝ અને યુનિવર્સિટી વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એલ્યુમની મિટમાં જેનીથ ટેક્નોલોજી, શિવા સોલાર એનર્જી તથા આદેશ એન્જિનિયરિંગ જેવી કંપનીઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા. રેની ઇનોવેશન એલએલપી દ્વારા પ્રોજેક્ટ માટે રૂપિયા ૮,૪૦,૦૦૦ જેવી રકમની મદદ પણ ત્રણ વર્ષ માટે જાહેર કરવામાં આવી હતી.

આ એલ્યુમની મીટ દરમ્યાન એ.ડી.આઈ.ટી. પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તથા એલ્યુમની કોર્ડિનેટર્સે ભાગ લીધેલ હતો. સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ માનનીય શ્રી ભીખુભાઈ પટેલે આ એલ્યુમની મીટના આયોજન બદલ એડીઆઇટી કોલેજને શુભેચ્છાઓ પાઠવી હતી.

|| વૈભવ-વારસો : પદ્ય વિભાગ ||

## મન ! તું હજી શિખામણ માન

**ભોજા ભગત**

મન ! તું હજી શિખામણ માન,
એક દી ચાલવુ છે સમશાન.
લખ ચોરાશીમાં અવતર્યા ને ખરી તેં ભોગવી ખાણ;
એ તો અવગુણ અતિ ઘણો, એક હરિ ભજ્યા વિણ હાણ. - ૧
ભજન કરો તો ભય મહે, સંત શબ્દ ધરજો કાન;
અમરદેવને આરાધી લેજો, સમજ સદ્‌ગુરુની શાન. -૨
શુદ્ધ વિચારીને ચાલજો ભાઈ ! રહેવું પડશે રાન;
મૂવા પછી નથી માણવું, વાંસે સગા કરશે સ્નાન. -૩
રાજા પરીક્ષિત પામિયો ભુવનપતિ ભગવાન;
સાત દિવસ સાંભળ્યું એવું ગોવિંદ કેરું જ્ઞાન. -૪
પ્રેમ પદને પામવા, તું મેલી દે મનની તાણ;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે ભક્તિ છે નિર્વાણ.
મન ! તું હજી શિખામણ માન.

---

ભોજા ભગત ક્યારેક શાંત ભાવે, જાણે કે ધીરજથી શિખામણ આપતા હોય તેમ પણ જણાય છે. તેમને ચાબખાનો સૂર સરળ ઉપદેશાત્મક બન્યો છે. હે મન ! તુંને હું સાચી શિખામણ આપું છું કે ગુરુને પ્રતાપે, ભક્તિને માર્ગે નિર્વાણ પામીશ. જન્મ થયો છે એટલે મૃત્યુ થવાનું જ એક દી સમશાન જવાનું જ છે. આ લખચોરાશીના ફેરામાં પડવું ન હોય તો હરિભજન કરી લે. સંત શબ્દ કાને ધરી, અમરદેવની આરાધના કરી ભજન કરો. સદ્‌ગુરુની શાન પ્રમાણે શુદ્ધ વિચારને આચરણ કરો. ગમે ત્યારે મૃત્યુની રાત પડી જશે ને મુવા પછી કાંઈ નથી. રાજા પરીક્ષિતે સાત દિવસ કથા સાંભળી, ગોવિંદનું જ્ઞાન જાણી, ભુવનપતિ ભગવાનને પ્રાપ્ત કર્યા, પ્રેમપદને પામ્યા માટે હે મન ! તું તારી તાણા-વાણ છોડી દે અને ભક્તિને માર્ગે ચાલે.

---

**''પથ કામ કદી મોટા નથી હોતા કામ તો હંમેશા નાના જ હોય છે
પણ ખૂબ પ્રેમથી એ કામ કરીએ એટલે તે મોટા બને છે'' - મધર ટેરેસા**


ISSN 0976-9609

## || નવાં કાવ્યો ||

### વડલો

**બાબુ નાયક**

ચારકોર મેઘ બાર ખાંગા થયા ને આવ્યો
વડલાને પાનખરિયો તાવ,
એક્કેય કૂંપળ નથી ફૂટી કે કેમ કરી
લીલ્લેરા આવે બદલાવ ?..ચારકોર મેઘ બાર...
રોજિંદા ડાળ ડાળ કોચવતા કાગડાને
એય મૂવા ઘસતા જાય ચાંચ,
એવા તો લ્હાય લ્હાય ઉઝરડા,
કેમ કહે કાળજાની પોથીને વાંચ !
પડખેના પ્હાડ ઉર ઓગળતા જાય પણ
એના તો આયખે અભાવ...ચારકોર મેઘ બાર..
ક્યાં ગઈ એ કાયમની કલરવતી કુંજ,
ગુંજ મઘમઘતી ઊડી ગઈ કઈ પેર ?
ઇન્દ્રધનુને પણ અકળાવે એવી
એ પાઘડીઓ બાંધી ગઈ વેર?
ઝળમલતા ઝુંડ સંગ ઝૂલે પતંગિયાને
કહેવું કાં નાખને પડાવ?..ચારકોર મેઘ બાર...

એ-૨૦૧, પાર્શ્વનાથ રોયલ રેસિડેન્સી,
મુ. અડાલજ, તા.જિ.ગાંધીનગર, (મો) ૯૩૨૭૦૮૪૭૪૩

### લગભગ સુધી ગયા ! (ગઝલ)

**સુધીર પટેલ**

એકાંત રાખી હેમખેમ જગ સુધી ગયા,
ટમટમ દીવાનું જાળવી ઝગમગ સુધી ગયા !

લાગ્યું નહીં અજાણ્યું મુલાકાતમાં પછી,
લૈ સાથમાં પોતાને એના લગ સુધી ગયા !

પાંખો મળી ના એટલે ઊડી શકાયું નહિ,
પણ પામવા આકાશને એક ખગ સુધી ગયા !

પામ્યા પરિચય એટલે નખશિખ એમનો,
સુગંધ થૈ ભીતર ભળ્યા, રગરગ સુધી ગયા !

આવી ગયો ત્યાં અંત હર અટકળનો પણ 'સુધીર'
અંજળની છાંટી અંજલિ લગભગ સુધી ગયા !

Email : sudhir12@gmail.com

### ગઝલ

**નિકુંજ ભટ્ટ**

પ્રથમ કથાને વિખેરી બનાવે તું ખેલા!
વળી સમેટી કથાનક રચી દે તું મેલા!
ફરીથી એટલે પૂછ્યાં, સવાલ પૂછેલાં;
તું પણ સુણી શકે તારાં, જવાબ દીધેલાં!
સવાયા ગુરુને દોઢા મળી ગયાં ચેલા!
બતાવે દારૂ તો સમજે દરાખનાં વેલાં.
તરસની લાજ બચાવવા, મેં સર ઝૂકાવીને;
અધર પ્રવાહમાં બોળી પ્રવાહી પીધેલા!
સમજને ફેરવી નાખે વિટંબણાનો ભાર!
ફૂલોને જોઉં તો લાગે પરાણે ઊગેલાં.
જે તારે એ જ ડુબાડે, નવું નથી એમાં!
ઘણાં છે શસ્ત્ર કે જેને સરાણે વીંધેલાં.
અટારી પરથી પડેલી નજરથી સમજાયું-
કે જાણીજોઈ અજાણ્યાં બની ગયા ડેલા!
પ્રવાસ પત્યે બધાને ખબર પડી જશે કે-
સમયની બસમાં ભૂલાયાં છે સ્વપ્નનાં થેલા.
ઉજાશનો લગીરે ખપ નથી નહીંતર તો,
અહીં હું પળમાં ઉતારું પ્રકાશના રેલા!

વેનેઝિયા વિસ્ટા, ન્યાયમંદિર હોટલની પાછળ,
નર્મદા ચોકડી, ભરૂચ-૩૯૨૦૧૫, (મો) +૯૧ ૯૯૯૮૪ ૪૪૩૩૮
ઇમેઇલ : bhatt.nikunj2411gmail.com

### એકબીજાની

**શૈલેશ ગઢવી**

બતાવવામાં અમીરાઈ એકબીજાની,
છતી કરી છે ગરીબાઈ એકબીજાની.
ભુલી જવાશે હરીફાઈ એકબીજાની,
વગાડી જોઈએ શરણાઈ એકબીજાની.
નથી મળાયું કદી અમે કોઈ જગ્યાએ,
મળે છે જે રીતે પરછાઈ એકબીજાની.
શરૂ થયેલો સમય પૂરો થઈ ગયો એમાં,
ન કામ આવી અધીરાઈ એકબીજાની.
એ કારણે નવી ઊંચાઈ મેળવી ન શક્યા,
સતત નિહાળે છે નીચાઈ એકબીજાની.
હજી બનાવતા રહીએ નવીન સંબંધો,
હજી અધૂરી છે ભરપાઈ એકબીજાની.

શ્રી ખીજડિયા પ્રાથમિક શાળા, મુ. ખીજડિયા,
તા.મેંદરડા જી.જુનાગઢ, પીન-૩૬૨૨૬૦

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### નબળી સાધુતા

કિશોરલાલ મશરૂવાળા

અસત્ય, અનાચાર, દુરાચાર વગેરેના આચરનારાઓ પ્રત્યે સહેજ ઝીણવટથી જોશું તો જણાશે કે સ્વાર્થી અને વિષયી માણસો એકબીજા સાથે હળીમળીને કામ કરી શકે છે; એકબીજા પર મુશ્કેલી આવી પડે તો બચાવી લેવા બધા માર્ગો અજમાવી શકે છે.

પણ સાધુવૃત્તિના, શુદ્ધ જીવન ગાળનારા ચાર માણસો સારું કામ કરવા માટે તેમ ભળી શકતા નથી. બીજા માણસની શુદ્ધિનો આદર્શ કાંઈક ઊંચો હોય તો તેની સાથે યે ફાવતું નથી; જરાક ઓછો હોય પણ પ્રામાણિક હોય તોય તેની જોડે પણ ફાવતું નથી. તેમનામાં સાધુતા હોય છે. પણ દુષ્ટતા, પાખંડ, જૂઠ વગેરે સામે ઝઘડવા માટે લાગતો પુરુષાર્થ ત્યાગ, સહનશીલતા અને બીજા સાથે મળીને કામ કરવામાં લાગતી નિરહંકારતાની ઊણપ હોય છે. તેથી સમૂહનું બળ તેઓ નિર્માણ કરી શકતા નથી.

આ નબળાઈ અને કાયરતા સજ્જનોમાંથી દૂર થાય નહીં ત્યાં સુધી સત્યા, અહિંસા વગેરે મહાન ગુણો શક્તિરૂપ થવાને બદલે તેના આચારનારને વિપત્તિરૂપ થઈ પડે છે.

માટે હાલ દુષ્ટોનું અને તેમની દુષ્ટતાનું શોધન બાજુએ રાખીએ. ન અટકાવી શકીએ તો ભલે, હાલ એમને ચરવા દઈએ. પણ તે પહેલાં વ્યવહાર શુદ્ધ રાખવા ઈચ્છનાર આડોશીપાડોશીઓ ભેગા થઈએ, થોડામાં થોડા સિદ્ધાંતોને બરાબર સ્વીકારી તે મુજબ શોધીએ. એમાંથી અન્યાય સામે લડવાની શક્તિ પણ પેદા થશે.

'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર

## ।। વિદ્યાવૃત ।।

### ગો. જો. શારદામદિર, વલ્લભ વિદ્યાનગર

(૧) ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી પરીક્ષા તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ **પ્રખરતા શોધ પરીક્ષા-૨૦૨૫**માં ૭૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. જે પૈકી માહી કેતનકુમાર શાહે ૪૦૯મો ક્રમાંક મેળવી ૧૦૦૦/- રૂા. શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે. ગુજરાતમાંથી ૧૦૦૦ વિદ્યાર્થિની મેરિટમાં પસંદગી પામી હતી.

(૨) ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી પરીક્ષા **માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં** વંશિકા હસિતકુમાર પાઠક ૨૧૩મો ક્રમાંક પ્રાપ્ત કરી ૧૦૦૦/- રૂા. શિષ્યવૃત્તિ મેળવશે. ગુજરાતમાંથી ૧૦૦૦ વિદ્યાર્થિની મેરિટમાં પસંદગી પામી.

(૩) ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી **નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ પરીક્ષા** જેમાં ૨૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો. ક્રિશ્ના અરવિંદકુમાર સોલંકી જિલ્લામાં મેરિટમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિદ્યાર્થિની ધોરણ ૯ થી ૧૨ એમ કુલ ચાર વર્ષ સુધી ૪૮,૦૦૦/- રૂા. શિષ્યવૃત્તિ મેળવશે.

 ISSN 0976-9609

## ।। લઘુકથા ।।

## ''સારે જહાં સે અચ્છા....''

**પી. એમ. લુણાગરિયા**

મેલોઘેલો અને ફાટેલ કપડે સવસી કૂપનના (રાશન) ઘઉં લેવા માટે હાથમાં મેલીદાટ થેલી લઈને ક્યારનો દુકાનના પગથિયે ઊભો હતો. પરંતુ દુકાનદાર જીતેશને એ તરફ ધ્યાન આપવાની ફુરસદ જ ક્યાં હતી !

દુષ્કાળ અને દારિદ્રયના બેવડા મારથી સવસી અકાળે વૃદ્ધત્વ તરફ ધકેલાઈ ગયો હોત. ચાર ગાઉ ઉપરના પોતાના ગામથી કસ્બાના આ ગામમાં તે ખરા બપોર તડકો માથે લઈને ચાલીને અનાજ લેવા આવ્યો હતો. પરસેવે રેબઝેબ થઈ ઊઠ્યો હતો. તેનું અર્ધ ભૂખ્યું શરીર થાકથી હાંફી રહ્યું હતું. રસ્તામાં ઉડેલ ધૂળથી તેના દીદાર ભિખારીથી કમ ન હતા. દયામણા અવાજે તે આજીજી કરી રહ્યો હતો, ''શેઠજી, અનાજ આપી દયો તો તમારી મેરબાની. મારે મોડું થાય છે.''

ક્રિકેટનો ક્રેઝ દેશ અને દુનિયાભરમાં છવાઈ ચૂક્યો હતો. કસ્બાનું આ વેજલપુર ગામ એ ક્રેઝમાંથી બાકાત કેવી રીતે રહી શકે ? પોતાની સસ્તા અનાજની દુકાનમાં પોર્ટેબલ ટી.વી. પર જીતેશ અને તેના મિત્રો વર્લ્ડ કપ મેચની મોજ માણી રહ્યા હતા. સવસીના પ્રલાપથી મેચ જોવામાં વિક્ષેપ ઊભો થવાથી જીતેશે ઉપેક્ષાભાવે કહ્યું, ''આજે દુકાન બંધ છે. હવે કાલે આવજે.''

''શેઠ સા'બ, ઘરમાં ખાવા દાણો નથી. આજે આલો તો તમારી મેરબાની.'' સવસીએ કાલાવાલા કર્યા. તને એકવાર કહ્યુંને, આજે દુકાન બંધ એટલે બંધ. ભલામાણસ આજે વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ઈન્ડિયા જીતી ગયું. એના મનમાં આજે દુકાન બંધ. તને દેશની ટીમ પર ગર્વ નથી. ? જા, કાલે આવજે'' જીતેશે તુચ્છકારભાવે કહ્યું.

સવસી કશું સમજ્યા વગર હતાશ વદને દુકાનના પગથિયા ઊતરી ગયો.

ટાઈટન-૫૪, સી-૪૦૨,
રિલાયન્સ મોલ પાછળ, રાજકોટ-૩૬૦૦૦૧
(મો) ૭૬૯૮૧૬૦૧૬૦

## ।। વિદ્યાવૃત ।।

## જી.જે.ઈન્સ્ટીટ્યૂટ ઓફ આયુર્વેદ સ્ટડીઝ અને રીસર્ચ એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ

તા. ૨૦-૩-૨૬ અને તા. ૨૧-૩-૨૬ ના રોજ દ્વિદીવસીય અખિલ ભારતીય મહર્ષિ ચરક સંસ્કૃત સમારોહ (નેશનલ કોન્ફરન્સ) આયુષ મંત્રાલયનાં NCISM અધ્યક્ષ ડૉ.મનીષાબેન અને MARBISM બોર્ડના પ્રમુખ ડૉ. મુકુલ પટેલ સાહેબ તેમજ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનાં અધ્યક્ષશ્રી હિમાંજ્ય પાલીવાલ સાહેબ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખશ્રી માનનીય એન્જિનિયર ભીખુભાઈ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૨૫૦ લોકોએ ભાગ લીધો હતો. પ્રતિભાગીઓને સર્ટિફિકેટ સ્મૃતિચિહ્ન તેમન નકદ ઈનામ પ્રદાન કરવામાં આવ્યું. મહર્ષિ ચરક નિર્મિત ચરક સંહિતા પર પ્રો.ડૉ.એસ.કે.ખાંડેલ, પ્રો.ડૉ.શ્રીવત્સ, પ્રો.ડૉ.મહેશ વ્યાસ, પ્રો.ડૉ.એસ. એન. ગુપ્તા, પ્રો.વૈદ્ય તપનકુમાર, પ્રો.ડૉ.હિતેશ વ્યાસ, અને પ્રો.ડૉ.અભિજીત સરાફ વગેરે પ્રસિદ્ધ વૈદ્યો દ્વારા લેકચર આપવામાં આવ્યું. તેમજ આયુર્વેદના વિભિન્ન વિભાગો દ્વારા પ્રદર્શની અને મફત નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું.

## ।। લઘુ-લલિત નિબંધ ।।

## એક વૃક્ષનું ચિંતન ..!

**રમેશ પટેલ**

સામે એક વૃક્ષ ઊભું છે. વૃક્ષ પંખીઓનો ટહુકો સાંભળે છે અને આનંદ અનુભવે છે. વૃક્ષ આકાશમાં ઊડતાં પંખીઓને જોયા કરે છે. વૃક્ષને પણ આકાશમાં પંખી બની ઊડવાનું મન થાય છે.

વૃક્ષ હવા જોડે સંવાદ કરે છે. એ સંવાદ પવન બની જાય છે! પવન વૃક્ષ ડાળીઓને હલાવી 'હા'-'ના'.. બોલવાનું શીખવે છે.

વૃક્ષ કાર્બન ડાયોક્સાઇડ લઈને પણ સદા લીલુંછમ રહે છે. વૃક્ષ એના પડોશી વૃક્ષ સાથે કદી પણ ઝઘડતું નથી ! વૃક્ષો જંગલમાં હળમળીને રહી શકે છે. માણસને આ હળીમળીને રહેવાનું આવડ્યું નથી.

વૃક્ષ નદીમાં તરતી નાવને જોયા કરે છે. વૃક્ષ નદીમાં પર્ણ ખેરવી પર્ણને પણ તરતા શીખવે છે અને દૂ..ર સુધી દરિયા સુધી પ્રવાસ કરવાનું શીખવે છે.

વૃક્ષ ફળ-ફૂલની માણસને ભેટ આપે છે. વૃક્ષ પોતાની ડાળીએ પંખીઓને માળો બનાવવા માટે તેની પાસે કોઈ કિંમત લેતું નથી!

વૃક્ષ તાપ.. તડકો અને વરસાદ સહન કરીને માણસને માટે સહાયક અંગ બને છે. વૃક્ષ કવિને કવિતા લખવાની પ્રેરણા આપે છે. વૃક્ષ કાગળ બની અભ્યાસની સામગ્રી વિદ્યાર્થીઓ માટે અને અભ્યાસુઓ માટે બને છે. જો કોઈ બાળક કાગળ ફાડે ત્યારે વૃક્ષની આંખમાં આંસુ આવી જાય છે!!!

વૃક્ષ માણસના પારણાંથી ચેહ સુધીનો સંગાથી છે. વૃક્ષ કે છોડ ઉપર થતાં ફૂલો એ વૃક્ષનું હાસ્ય છે.

વૃક્ષ મરીને માણસ માટે ફર્નિચર બને છે. વૃક્ષ માણસનું ઘર બને છે. રિસોર્ટમાં માણસને ટ્રી હાઉસમાં રહેવાનું ગમે છે.

વૃક્ષ રણને આગળ વધતું અટકાવી શકે છે. વૃક્ષનું અસ્થિ બળતણ એટલે કોલસો. તે જમીનમાં દટાઈને ખનીજ કોલસો પણ બની જાય છે. વૃક્ષના ફૂલોનો રંગ એ કુદરતી રંગ છે. તજ-વૃક્ષની છાલ એટલે તજ. વૃક્ષ અને છોડ આપણને  રસોઈ માટે મસાલા પણ પૂરા પડે છે. વૃક્ષ કદી કોઈ ઉપર ગુસ્સે થતું નથી! પર્ણનો વિવિધ આકાર બાળકને ચિત્રકામ કરતા શીખવે છે. કઢીલીમડો રસોઈ વઘારવા માટે કામ આવે છે. કેટલાક વૃક્ષ પર્ણ ઔષધની ગરજ સારે છે. એક ગુરુએ શિષ્યને કહેલું કે, જંગલમાં ઊગતી દરેક વનસ્પતિ ઔષધિ છે. વૃક્ષ માનવને ઉપકાર કરવાનું શીખવે છે. સુખડ વૃક્ષ આપણને સુગંધી બનવાનું શીખવે છે. વૃક્ષ આપણને છાંયડો અને શીતળતા આપે છે. વૃક્ષ એ પ્રાણવાયુઓની કુદરતી ફેક્ટરી છે. વૃક્ષ આપણને પ્રાણવાયુ તદ્દન ફીમાં આપે છે. એક વૃક્ષના છાંયડામાં બેસી ભરબપોરે મેં કરેલું આ ચિંતન છે. ખરેખર તો વૃક્ષે કરેલા ચિંતનનો આ લેખ-અનુવાદ છે ! ચિંતન કલરવ બની આ જગતમાં સદાય પડઘાતું રહેશે ! અસ્તુ !

રમેશ પટેલ, 'પ્રાંજલ', ૩૦, આનંદવાટીકા સોસાયટી,
સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯
(મો.) ૯૮૨૫૧ ૦૦૨૫૫ (તા. ૨૭ માર્ચ ૨૦૨૬)

''વૃક્ષ ક્યારેય પોતાની શાખાઓ પડવાથી ડરતું નથી.
કારણ કે તે જાણે છે કે મૂળ મજબૂત છે.'' વૃક્ષો આપણને જીવતા શીખવે છે

 ISSN 0976-9609

## ।। કેળવણી ।।

## જેવી કેળવણી, તેવું રાષ્ટ્ર

**મનસુખ સલ્લા**

આ સૃષ્ટિમાં લાખો જીવો છે. બાકીના જીવોમાં તાલીમ હોય છે. તાલીમ અમુક કાર્ય કરવાની ક્ષમતા આપે છે. સંરક્ષણ, ખોરાક મેળવવો, એક જ કામમાં ઝડપ કે ક્ષમતા વધારવી વગેરે તાલીમથી શક્ય બને છે. મનુષ્ય જાતિમાં તાલીમ પૂરતી નથી ગણાઈ. એટલે મનુષ્યજાતે કેળવણીનો વિચાર કર્યો છે. કેળવણી દ્વારા જીવનભાવો વધુ નરવા અને સૂક્ષ્મ બને છે. નર અને માદા હોવું અને પતિ-પત્ની હોવું એમાં મુખ્ય ફરક જીવનભાવોનો છે. પશુ-પક્ષીમાં સંતાન સાથેનો સંબંધ ઉછેર પૂરતો હોય છે. પછી એની સ્મૃતિ રહેતી નથી. માનવજાતમાં સંતાન સાથેનો સંબંધ જીવનભરનો હોય છે. એટલે કે ભાવોની શુદ્ધિ થાય એ માનવજાતનું લક્ષ્ય છે. ભાવો સ્થૂળરૂપે, અણઘડરૂપે કે વિકૃતરૂપે પણ હોય. એને સંમાર્જિત કરીને વ્યાપક અને પ્રેમમય કરવા માટે માનવજાતે કેળવણીની રચના કરી છે.

ગમતું હોય એ માણસ સહજપણે કરે છે. પરંતુ ગમતું હોય એ વિવેકભર્યું છે કે નહિ, સહુ માટે ઈષ્ટ છે કે નહિ એ શીખવવા માટે કેળવણી છે. માણસ ૪૦ લાખ રૂપિયાની ગાડી લે એ પૂરતું નથી. એને ટ્રાફિકના નિયમો પાળીને ચલાવે તે અગત્યનું છે. ધનપતિના નબીરાઓ બેફામ ગાડી ચલાવીને એક્સિડેન્ટ સર્જે છે, એ અધૂરી કેળવણી છે.

હાથીની સ્મૃતિ, કેટલાંક પ્રાણીની ચપળતા, દોડવાની ઝડપ, ઊધઈના નગરની રચના, અંધારામાં જોઈ શકવાની શકિત-અનેક બાબતમાં અન્ય જીવો માણસ કરતાં આગળ છે. પરંતુ પૃથક્કરણાત્મક બુદ્ધિ, આત્મ-નિરીક્ષણ, જાતનું પરિવર્તન, સંવેદનશીલતાનો વ્યાપ, સૌંદર્યનો અનુરાગ માણસને માણસ બનાવે છે. તો એને અનુકૂળ કેળવણીરચના હોવી જોઈએ. અધૂરી કે ઊલટી કેળવણીથી મનુષ્યના ભાવો વિકૃત, સંકુચિત અને આક્રમક પણ બની શકે છે. એટલે આયોજિત યુદ્ધો કેવળ માણસજાતમાં જ છે. ગુલામી કે સામ્રાજ્યવાદ કેવળ માણસજાતમાં જ છે. બુદ્ધ, ઈશુ અને ગાંધી માણસજાતમાં પાકે છે અને હિટલર કે ટ્રંપ પણ માણસજાતમાં જ પાકે છે. એટલે ભાવશુદ્ધિનો વિચાર માનવજાતે સૂક્ષ્મતાથી અને અનેક સંદર્ભમાં કર્યો છે. એમાંથી કેળવણીરચના જન્મી છે.

અશુદ્ધ ભાવો અનેક પ્રકારના ઉપદ્રવો જન્માવે છે. એમાંથી રાવણ અને કંસ જન્મે છે. દંડ દ્વારા માણસજાતે જેલની રચના કરેલી છે. આવી રચના કેવળ માણસ જાતમાં જ છે. અન્ય કોઈ જીવ-પ્રાણીમાં નથી. દંડથી માણસને માપમાં રાખી શકાય, પરંતુ માણસનું પરિવર્તન તો જાગ્રતિ, આત્મનિરીક્ષણ અને સંકલ્પ બળથી જ શક્ય છે. એટલે ૨૩૦૦ વર્ષ પહેલાં થયેલા મહાન ગ્રીકચિંતક પ્લેટોએ કહ્યું કે ‘જે રાજ્યમાં કેળવણી નબળી ત્યાં જેલનું પ્રમાણ વધારે.’

એટલે કેળવણીનો વિચાર દરેક રાષ્ટ્રે કાળજીપૂર્વક કરવો જોઈએ. અભ્યાસક્રમો પૂરાં કરાવવા અને પરીક્ષા લેવી એ કેળવણીનો ૪૦ ટકા ભાગ છે. બાકીના ૬૦ ટકા ભાગમાં બિનંગત વિચારશક્તિ, પૃથક્કરણાત્મક બુદ્ધિ, સંવેદનશીલતા અને ન્યાય માટેનો આગ્રહ વધે એ સઘળું આવે છે. ન્યાયમાંથી જ બંધુતાનો ખ્યાલ જન્મે છે અને સૌની સમાનતાનો આગ્રહ જન્મે છે. સંવેદનશીલતાનો વિકાસ થાય તો માણસ પોતાનામાં અને કુટુંબમાં બંધાઈ ન રહેતાં આખા રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને ચાહી શકે છે. એની કાળજી લેતો થાય છે. બિનંગત વિચારશક્તિમાંથી આત્મપૃથક્કરણ અને સૌના સુખનો વિચાર શક્ય બને છે. પૃથક્કરણાત્મક બુદ્ધિના વિકાસમાંથી નવાં સંશોધનો શક્ય બને છે.

આજે આપણો ભાર અભ્યાસક્રમો અને

સુવિધાઓ ઉપર મુકાઈ ગયો છે. પરિણામે શિક્ષણનું ૪૦ ટકા કામ થાય છે. પરિણામે સ્વાર્થી, સંકુચિત, ઝનૂની, અંધાવેગવાળો નાગરિક મળે છે. એનો બદલાવ તો જ શક્ય બને જો શિક્ષણનાં તમામ અંગોની કાળજી લેવાય.

એટલે પ્રશ્નનો પ્રશ્ન એ છે કે ન્યાય, સમાનતા, બંધુતા, સ્વતંત્રતા, સૌના સુખનો વિચાર એ કેવળ શબ્દો રહી ગયા છે, અર્થો ગુમાવી બેઠા છે, તેને ફરી અર્થપૂર્ણ શી રીતે બનાવવા ? એ ત્યારે જ શક્ય બનશે જ્યારે આપણા શિક્ષકો પગારદાર મજૂર મટીને રાષ્ટ્રનિર્માણના અંગરૂપ બનીને કાર્ય કરે. શિક્ષકોનાં દરેક પગલાંની વિદ્યાર્થીના ચિત્ત ઉપર અસર પડતી હોય છે. જે ગુણો રાષ્ટ્રના વિકાસ અને ઉત્કર્ષ માટે જરૂરી છે એ ગુણોના વિકાસ માટે પોતે કાર્ય કરી રહ્યો છે, એવા સ્વરૂપમાં શિક્ષકો પોતાની જાતને જોતા થાય. શિક્ષકો બદલાશે તો શિક્ષણ બદલાશે. માત્ર ઓરડા, સુવિધાઓ કે નિયમોની જટાઝાળથી નહિ.

ભારતમાં જ્ઞાનની પ્રક્રિયા અત્યંત મર્યાદિત બની ગઈ છે. સ્મૃતિ ઉપર સઘળો ભાર મૂકાઈ ગયો છે. યુરોપ, અમેરિકા, જાપાન, સ્કેન્ડીનેવિયન દેશોમાં શિક્ષણનાં ગુણાત્મક પરિણામો મળી શક્યા છે. કારણ કે તે દેશોમાં શિક્ષણની પ્રયોગશીલતા જળવાઈ છે. શિક્ષણ આદેશોનું ગુલામ બની નથી ગયું. શિક્ષણકાર્ય ગતાનુગતિક ઢબે નથી ચાલતું. એનું રહસ્ય શિક્ષણની સ્વાયત્તતા છે. રાજ્યની મૂઠીમાં શિક્ષણ સંકોચાઈ નથી ગયું. સ્વાયત્તતા હોય તો જ પ્રયોગશીલતા જન્મે અને જળવાય. પ્રયોગશીલતા હોય તો જ શિક્ષણ જીવંત રહી શકે. પ્રસ્તુત રહી શકે.

એટલે ભારતમાં શિક્ષણને વ્યવસ્થા કે વહીવટ રૂપે જોવાય છે તેને બદલે ગુણવિકાસ રૂપે જોવાય તે આવશ્યકતા છે. શિક્ષક તાલીમ જડ ચોકઠું બની ગઈ છે, દેખાવ પૂરતો ક્રિયાકાંડ બની ગઈ છે. તેમાં પરિવર્તન જરૂરી છે. એક દૃષ્ટાંત આંખ ઉઘાડે તેવું છે. ૨૦મી સદીના પ્રારંભે ફ્રાન્સ અને જર્મની વચ્ચે યુદ્ધ થયેલું. ફ્રાન્સ સ્વચ્છંદી અને વિલાસી બની ગયેલું. જર્મની શિસ્તબદ્ધ અને રાષ્ટ્રપ્રેમી હતું. ફ્રાન્સ યુદ્ધમાં હાર્યું. જર્મની જીત્યું. હારનો સ્વીકાર કરવા બંને દેશના સેનાપતિઓ સેદાનના મેદાનમાં મળ્યા. ઔપચારિક વિધિઓ થઈ. પછી જર્મન સેનાપતિએ ટૂંકા વકતવ્યમાં કહેલું એ હૈયે કોતરી રાખવા જેવું છે. જર્મન સેનાપતિએ કહેલું કે, 'અહીં ફ્રાન્સનો સેનાપતિ નથી હાર્યો કે જર્મન સેનાપતિ નથી જીત્યો. પરંતુ અહીં ફ્રાન્સનો શિક્ષક હાર્યો છે અને જર્મનીનો શિક્ષક જીત્યો છે. જેમનું કામ માર-કાપનું છે. એવા જર્મન સેનાપતિએ શિક્ષકને આપેલી આ ભવ્ય આદર-અંજલિ છે.

આપણે શિક્ષકના કાર્યને આ નજરે જોઈશું તો આપણાં નિર્ણયો, ગોઠવણો, કાર્યક્રમો, પદ્ધતિઓ, સુવિધાઓ અંગે નવેસરથી વિચારતા થઈશું. રાષ્ટ્રે મહાન બનવું હોય તો એના શિક્ષણને મહાન બનાવવું જોઈએ. જે શિક્ષણ એના વિદ્યાર્થીઓને આત્મસંયમ, જવાબદારી અને વ્યાપક દૃષ્ટિકોણ નથી શીખવી શકતું, એમાં ગમે તેટલી તડકભડક હોય તો પણ નિરર્થક છે. ભારતીય શિક્ષણનો નવો અવતાર કરાવવા એના શિક્ષકનો અને અમલ સ્વરૂપનો નવો અવતાર કરાવવો અ-નિવાર્ય છે.

---

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫

---

***ચાણક્ય-કૌટિલ્ય એ પ્રથમ શિક્ષક હતો. પછી અર્થશાસ્ત્રી.***

**|| બોધ કથા ||**

## પ્રસંગની સારપ

**ઉમેશ જોષી**

જ્યારે કોલસા-પાણીથી રેલવેના એન્જિન દોડતાં હતા ત્યારની આ ઘટના છે.

મારે જેતલસર જવાનું હતું, એટલે ચિત્તલ સ્ટેશનથી સોમનાથ મેઈલમાં બેઠો. ત્યારે ટ્રેઈન ઓછી હોવાને કારણે ગિરદી રહેતી. મને તો બેસવાની જગ્યા મળી ગઈ. પણ એક પાંસઠ-સિત્તેર વર્ષના દાદાને જગ્યા મળી નહીં, ચોરણી, ઝભ્ભો, માથે પાઘડી અને ખભે પોટકું. ક્યાંય જગ્યા ન હોવાથી નીચે બેસી ગયા. મારી સામેની સીટ પર એક ભણેલું-ગણેલું કુટુંબ બેઠું હતું. બે નાનાં બાળકો સૂતા હતાં. એક સાત-આઠ વરસનો બાબો બેઠો હતો. બાળકોની મા બેઠી બેઠી ઝોલા ખાતી હતી અને પિતા છાપુ વાંચતા હતા. સમય સવારનો હતો. લુણીધાર સ્ટેશન આવતા બારી પાસે બેઠેલ મુસાફર ઊભો થયો. એટલે તે જગ્યા પર આ દાદા બેસવા ગયા ત્યાં પેલા બહેન બોલ્યા, ''ત્યાં બેસતા નહીં, મારે આ બાબાને બેસાડવો છે.''બાબાને બારી પાસે બેસાડ્યો અને થોડી જગ્યા થઈ ત્યાં બહેને લંબાવ્યું...

લુણીધારથી ટ્રેઈન ઊપડ્યાને દસેક મિનિટ થઈ હશે ત્યાં બારી પાસે બેઠેલ બાબો રડવા લાગ્યો. આખો ચોળતો ચોળતો ચીસો નાખતો હતો. બહેનની ઊંઘ ઊડી ગઈ. પૂછ્યું, 'શું થયું ?' બાબાએ રડતા જવાબ આપ્યો, 'મારી આંખમાં કંઈક પડ્યું છે.'

થોડીવારમાં તો આંખો સોજી ગઈ. બાબાના માતા-પિતા અકળાવા લાગ્યા. આ જોઈ પેલા દાદા બોલ્યા, 'તમે ઘડીક શાંતિ રાખો. તેની આંખમાં કોલસાની કણી પડેલ છે. ગાડી ઊભી રહે એટલે હું કાઢી આપું.' ચાલતી ગાડીએ ફૂલ જેવી આંખને કેમ જોવી.' થોડીવારે કુંકાવાવ સ્ટેશને ટ્રેઈન ઊભી રહી. પેલા દાદાએ બાબાના હાથ પકડી રાખવા કહ્યું ને આંખની પાંપણ ઉથલાવી સાવ ઝીણી કણી હતી તે કાઢી આપી. પછી કહ્યું, ''આંખ પર ઠંડું પાણી છાંટો હમણાં સારું થઈ જશે.'' બાબાની આંખે પાણી છાંટયું. થોડીવારમાં તો હતી એવી આંખો થઈ ગઈ. રડતો બાબો હસવા લાગ્યો ને ટ્રેઈન દોડવા લાગી. દાદાના મુખ પર બાબાનું દુઃખ દૂર કર્યાનો આનંદ દેખાતો હતો. અને બાબની માના મુખ પર દાદાને બેસવા ન દીધાનો ક્ષોભ આંટા મારતો હતો. તેણીએ દાદાને સીટ ઉપર બેસવા કહ્યું પણ દાદા બોલ્યા, ''મારે તો વડિયા ઊતરી જવાનું છે. હમણાં સ્ટેશન આવી જશે. એટલે અહીંયા ઠીક છું'' પણ બાબાના પિતાએ ખૂબ આગ્રહ કરી સીટ ઉપર બેસાર્યા અને આભાર માનવા લાગ્યા. આથી દાદા બોલ્યા, 'ભાઈ, આભાર માનો પ્રભુનો કે મને આંખમાં પડેલ કણું કાઢવાની કળા ભેટ મળી, આ ઉંમરે મારી આંખોનું નૂર સહેજેય ઓછું થયું નથી, માનવીનું દુઃખ દૂર કરી શકું છું એનો મને આનંદ છે.''

૫, બ્રહ્મેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી,
અમરેલી-૩૬૫૬૦૧, (મો) ૯૮૭૯૫૬૬૫૯૦

**તમારી જાતને શોધવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે તમે બીજાની સેવામાં તમારી જાતને સમર્પિત કરી દો. - મહાત્મા ગાંધી**

**બીજાને મદદ કરવી એ જ આપણી પોતાની જાતને મદદ કરવાનો રસ્તો છે.**

**॥ હળવો નિબંધ ॥**

## બેક(ગ) ટુ સ્કૂલ

**સ્વાતિ મેઢ**

વેકેશન પૂરું થાય સ્કૂલો ફરી શરૂ થવાનો સમય આવે. એ દિવસોમાં ઘણીવાર છાપામાં ગુજરાતીમાં લખેલા ત્રણ અંગ્રેજી શબ્દો સાથેની જાહેરખબરો આવે, 'બેક ટુ સ્કૂલ...'. આ જાહેરખબરોનો હેતુ વિદ્યાર્થીઓ અને વાલીઓને સ્કૂલે જવાનો સરસામાન ખરીદવા જવા માટે પ્રેરણા આપવાનો. સ્કૂલે તો જવું જ પડે. એ તો જીવન નાટકનો પહેલો અંક. બજારમાં દુકાનોમાં અંદર-બહાર બધે જાતજાતની સ્કૂલબેગો લટકતી હોય, વૉટર બૉટલો લટકતી હોય અને બાળકો અને વાલીઓ એને જોતાં જોતાં ફરતાં હોય. આપણે એમને જોતાં ફરતાં હોઈએ ને ફરતાં ફરતાં પહોંચી જવાય વિતેલા વરસોનાં રસ્તે. સ્લેટ-પેન અને 'ચાલણ ગાડી'ની ચોપડી અને 'દેશીહિસાબ' ભરેલી જીવનની પહેલી 'નિશાળની થેલી.' આપણે પાંચ વરસનું 'ઢબુડું' હોઈએ ત્યારે પહેલી વાર નિશાળે જતાં હોઈએ અને તેય આવડું નાનું દફ્તર લઈને! નવા નિશાળિયાને લોકો લાડ કરે. આપણને મૂકવા આવનાર મા, મોટીબેન, પડોશીની એ જ નિશાળમાં આગળ ભણતી છોકરીએ એ ઊંચક્યું હોય. થેલીમાં જે હોય તે લાકડાની પાતળી ફ્રેમમાં ગોઠવેલું કાળા રંગે રંગેલું પાતળું પતરું. એને સ્લેટ કહેવાય. એના અડધા ભાગમાં પાતળા સળિયા પર ગોઠવેલા મણકા હોય. લાલ કે ધોળી પેન તો છૂટી જ પડી હોય. સાથે પોતાની ડબ્બી હોય. નાનો કપડાનો ભીનો કટકો, એને સ્લેટ લૂછ્વાનું પોતું કહેવાય એને નાનકડી પતરાની ડબ્બીમાં મૂકવાનું. એ સૌથી વધુ મૂલ્યવાન. કેમ તો કે સ્લેટમાં લખેલું ભૂંસવા માટે. જીવનમાં માત્ર પ્રાથમિક શાળાના સ્તર સુધી જ આમ એક વાર લખેલું માત્ર પાણીથી ભૂંસવાની તકો મળે છે. લખવાથી બુઠ્ઠી થઈ ગયેલી પેનની અણી રિસેસમાં નિશાળના ઓટલાની ધારે જ કાઢવાની. સાંજ પડે એ પેન માટી બનીને ઓટલા નીચે ઊડતી હોય.

પતરાની સ્લેટ હોય નાનકડી. એમાં ગણિત ભણાવનાર સાહેબ શૂન્ય લખી આપે. (ગણિત ભણાવનાર સાહેબ જ કેમ હોય, બહેન કેમ નહીં એવો પરિવર્તનકારી સવાલ અમને એ વખતે સૂઝ્યો નહોતો). એ ગોળાકાર પર પેનથી બીજીવાર ત્રીજીવાર એમ અગણિત વાર શૂન્ય લખવાનો. એને ઘૂંટ્યું કહેવાય. પેનથી થયેલી ગોળ-ગોળ રેખાઓ એકબીજામાં એકાકાર થઈ જાય એટલી બધી વાર ઘૂંટવાનો. એ સાહેબ પાસ કરે એ પછી એ જ સ્લેટની બીજી તરફ એકડો લખી આપે. એને પણ આમ જ ઘૂંટવાનો. સાથે બેઠેલા છોકરા કે છોકરીની સાથે લડતાં, જો મારો એકડો તારા એકડાથી જાડો એવી અદેખાઈ જગાડવાની પ્રાથમિક સ્તરની હોશિયારીઓ શીખતાં ક્યારે નાની સ્લેટથી કાળા પથ્થરની મોટી સ્લેટના લેવલે પહોંચી જઈએ એ ખબર પણ ન પડે. એમ જ પ્રાથમિક શાળાનું ભણતર પૂરું થાય.

હવે જે આવે સ્કૂલ એને માધ્યમિક શાળા કહેવાય. આમ તો એ મોટી નિશાળ પણ સુધરેલાઓ સ્કૂલ બોલે. અહીં નિશાળની થેલીને દફ્તર કહેવાય. એમાં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન વગેરેની ચોપડીઓ અને નોટો હોય. નોટમાં લખવા પેન્સિલ હોય. સ્લેટને ઠેકાણે નોટબુક, પેનને બદલે પેન્સિલ અને પોતાની ડબ્બીને ઠેકાણે નોટમાં લખેલું ભૂંસવા રબર હોય અને પેન્સિલની અણી કાઢવા સંચો હોય. પેન્સિલ, રબર, પેન્સિલને અણી કાઢવાનો સંચો એ બધું મૂકવાના પતરાના, બેઠા ઘાટના લંબચોરસ ડબ્બાને કંપાસબોક્સ કહેવાય. એને ખખડાવી શકાય, પછાડી શકાય અને ઉગ્ર તકરારમાં સામેવાળાને મારી પણ શકાય. એમ તો સ્લેટ પણ મારામારીમાં ઉપયોગી હથિયાર ખરું. એક કઈ રીતે પ્રયોજાય એ અમને ખબર છે પણ અમે નાનપણથી જ અહિંસાના માર્ગે ચાલનારા હોવાથી હિંસાની વાતો પણ ન કરીએ. ખખડાવવાથી પતતું હોય તો મારવા સુધી શું કામ જવું? આ ઉપરાંત ભણવાની ચોપડીઓ પણ હોય. એને પાઠ્યપુસ્તક


ISSN 0976-9609

કહેવાય. પણ બાળકો હજી બહુ ભણ્યા ન હોય એથી એમને પુસ્તક શબ્દ ન આવડે. બધા ચોપડી જ બોલે.

આ ચોપડીઓ બે રીતની આવે. નવી અને સેકન્ડહેન્ડ. નવી ચોપડી એટલે નવી નક્કોર. એના પાનાં હજી કોરા સુગંધિત હોય. બાઈન્ડિંગ પાકું હોય. છાપખાનાથી સીધી ચોપડીઓની દુકાને આવી હોય. ખૂબ રૂપાળી લાગે. એ બધી બ્યુટીક્વિનો. બીજી સેકન્ડહેન્ડ ચોપડીઓ આવે. સેકન્ડહેન્ડ એટલે કોઈએ વાપરેલી. આવી ચોપડીઓ પણ બે રીતની હોયઃ એક ઘરમાં જ પરંપરાગત રીતે પ્રાપ્ત થતી મોટા ભાઈઓ બહેનોની ચોપડીઓ અને બીજી નાના ભાઈબહેનો ન હોય એવા બાળકોએ ચોપડીઓની દુકાનોમાં વેચી દીધેલી ચોપડીઓ. આ ચોપડીઓ નવી ચોપડીઓ કરતાં સસ્તી મળે. એના પાનાં કોરાં, સુગંધિત ન હોય. બાઈન્ડિંગ ઢીલું પડી ગયું હોય. ફાટેલું પણ હોઈ શકે. એના પર એને અગાઉ વાપરનારનું નામ, સ્કૂલનું નામ, વર્ગ વગે લખેલું હોય. કોઈ વાર ફૂલ જેવું કશુંક ચીતરેલું હોય અને નીચે ગુલાબ લખેલું હોય. આ ઉપરાંત ઘર, સૂરજ, ટોપી, પતંગનાં ચિત્રો પણ સલેબલ હોઈ શકે. એ ચોપડી વપરાયાની એ નિશાનીઓ. પણ આપણે ચોખ્ખી કશા ચિતરામણ વિનાની ચોપડી લેવાની. આગળના ઉપયોગકર્તાએ એ ચોપડી ભણી જ નથી એવી ગેરન્ટી ! સાચેસાચા ભણનારાએ એમાં લીટીઓ દોરી હોય, આઇએમપી લખેલું હોય. ગણિતની ચોપડીમાં સ્વાધ્યાય પાના ૨૬ પરના દાખલાઓની બાજુમાં લખીને જવાબ પાનું ૭૧, ચોથી લીટી એવું માર્ગદર્શન પણ કરાવે. બાળકને ગણિતની એવી સેકન્ડહેન્ડ ચોપડીઓ બહુ ગમે. બાળક એવી ચોપડી પસંદ કરે. પપ્પાશ્રીઓ એ રિજેક્ટ કરે. બે પેઢીઓ વચ્ચેના સંઘર્ષનું એ પહેલું પગથિયું. સ્કૂલ ખૂલે એને બીજે દિવસે નવી ચોપડીઓ લાવનારાઓ પોતાની બ્યુટીક્વિનોને શોઑફ કરે. સેકન્ડહેન્ડ ચોપડીઓના માલિકો પોતાની ચોપડી કેટલી ચોખ્ખી છે એનો વટ્ટ મારે. ભણવાનું શરૂ થાય. થોડા દિવસમાં ચોપડીઓનાં પાનાં ખુલવા માંડે. આવતે વર્ષે એ ચોપડીઓ, સેકન્ડહેન્ડમાંથી થર્ડહેન્ડ બનીને વેચાય એવી રહેશે કે નહીં એનો એ કેવા ભણનારને પનારે પડી છે એ પર આધાર.

ચોપડીઓ સાથે નોટબુકો હોય. ગણિતવિજ્ઞાન માટે પાકા પુંઠાંની, ભાષાઓ માટે કાચા પુંઠાની. વ્હાય સો ? ગણિત વિજ્ઞાન માટે તરફેણી વલણ કેમ? જવા દોને... ઇતિહાસ ગવાહ છે. ભાષાઓને હંમેશાં પોતાના અસ્તિત્વ માટે લડવું જ પડ્યું છે. ટૂંકમાં, મોટી નિશાળના શરૂઆતનાં વર્ષોમાં દફ્તર આવું હોય. ઘણા દક્તર પણ બોલે. ટાઈમટેબલ અનુસાર આ બધું એક ખભાથેલામાં ભરીને ઊંચકીને ચાલતાં નિશાળ જવાનું. આ થેલો કાપડનો હોય, રેક્ઝિનનો હોય, કેનવાસનો પણ હોય. વાપરનારના પિતાશ્રીની આર્થિક અનુસાર. આ દફ્તર જે વર્ષો જતાં સ્કૂલબેગ કહેવાયું એમાં ચોપડીઓ-નોટો સાથે નાસ્તાનો ડબ્બો, છુપાવેલી વાર્તાની, ફિલ્મના ગીતોની ચોપડીઓ પણ હોય. ફુગ્ગા, ટિકટિકિયા, ભમરડા, કાંકોટી, ફૂકા જેવા રમકડાં પણ હોય. સાંજે ઘેર પાછા આવેલા દફતરમાં શિંગચણા, આંબોળિયાં, રસ્તેથી વિણેલાં કાંકરા-પથરા પણ હોય. એને ખભે ઉંચકીને ચાલવું પડે. કોઈ ભાઈબંધ સાયકલ લઈને આવતો હોય તો એની સાયકલ પર દફ્તર ભરાવીને એ પડી ન જાય એ માટે કેરિયર પકડીને ચાલવું પડે. પેલો ઈચ્છે તોય સાયકલ ભગાવી ન શકે. ભાઈબંધને ભારવાહક બનાવવો અને કેરિયર પોતે પકડી રાખવું એ ઉગતા રાજકારણીનું લક્ષણ. બહેનપણીઓ સાથે દફતરની અદલાબદલી કરવી. આપણી સાથે ચાલતા આવતાં કોઈ શિક્ષિકાએ ઘેર તપાસવા સાથે લીધેલી નિબંધની નોટોનો થોકડો ઉઠાવી લઈને ગુરુસેવા કરવી જેવા વિવિધ કામો સ્કૂલે જતાં અને ઘેર પાછા જતાં કરી શકાય.

આમ જ થોડા વરસ જાય. હવે આપણને તરુણાવસ્થામાં સહજ એવા ઘટના ઘોડાનો થનગનાટ ને વીંઝાતી પાંખોનો ફડફડાટ સંભળાતો હોય. ભણવાનું આગળ વધતું હોય. દફ્તર વધારે વજનદાર બનતું

જતું હોય, ડાહ્યા થઈને ભણવા માંડ્યાં હોઈએ. સ્કૂલેથી આવતા-જતાં રસ્તામાં કરતાં'તાં તોફાનો ન કરતાં હોઈએ. કદાચ સાયકલ પર સ્કૂલે જવા મળતું હોય. પણ હવે કોઈને જોવાના, કોઈને આપણને જોવડાવવાના રસિકમધુર તોફાનો શરૂ થવા માંડ્યાં હોય. આડી નજરે જોઈને બહેનપણીના કાનમાં ગુસપુસો થવા માંડી હોય. ઇશારા પણ થતા હોય. દફ્તરમાં ચણા, આંબોળિયા, કાંકરા, નાસ્તાના ડબ્બાને ઠેકાણે કોઈએ ઉતાવળે લખીને મૂકેલી પ્રેમચીઠ્ઠી હોઈ શકે. બધા એવા નસીબદાર અને સાહસિક ન પણ હોય. કોઈ કોઈમાં ચિઠ્ઠીઓ લખવાને બદલે ભણવામાં ધ્યાન આપવાનું ડહાપણ હોય.

ત્યાં તો આવી પહોંચે છેલ્લો દિવસ, વિદાય સમારંભ અને સ્કૂલ પૂરી. સ્કૂલનાં દફ્તરો જેને હવે આપણે બેગ કહેતાં શીખી ગયાં હોઈએ, છેલ્લે છેલ્લે એ ઉપાડતાં શરમ આવવા માંડી હોય એ ખરેખર છૂટી જાય. જીવનનો એ સુખમયકાળ પૂરો. હવેનો સમય ઊંચું ભણવાની મહેનત કરવામાં વિતાવવાનો છે, પછી કેરિયર બનાવવાની છે એવી ઓછીવત્તી અક્કલ આવી ગઈ હોય.

તમે જે લઈને કૂદતાં, દોડતાં સ્કૂલે જતાં હતાં અને એમ જ રખડતાં, અથડાતાં ઘેર પાછાં પહોંચતાં હતાં તે ખાખી, બદામી, રાખોડી, કાળા રંગનો ખભાથેલો અર્થાત દફ્તર એટલે કે જીવનના એ સુખમય કાળની સાથી તમારી સ્કૂલબેગ અત્યારે ક્યાં છે? ઘરમાં તો નહીં હોય. સ્મરણના પટારામાં ખરી?

---

સ્વાતિ મેઢ, બી-૧૧૦૪, રત્નાકર એટલેર,
ઓમકારેશ્વર મહાદેવ પાસે, રામદેવનગર રોડ,
જોધપુર ગામ વિસ્તાર, અમદાવાદ ૩૮૦૦૧૫
(મો) ૯૧-૮૯૮૦૦૦૧૯૦૪
email:swatejam@yahoo.co.in

---

## ।। વિદ્યાવૃત્ત ।।

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઑફ ફાર્મસી :** શૈક્ષણિક, સાંસ્કૃતિક ક્લબ, સ્પોર્ટ્સ ક્લબ અને SSIP દ્વારા ડો. હેતા એમ. કાછીયા, શ્રીમતી પલક કે. વ્યાસ, શ્રી કૃણાલ એચ. સોલંકી વગેરેએ તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ રાજ્ય સંસ્થાએ બેચ ૨૦૨૨-૨૩ માટે હાર્દિક અને યાદગાર વિદાય સમારોહનું આયોજન કર્યું, જે તેમના શૈક્ષણિક પ્રવાસની સફળ પૂર્ણાહુતિનો એક મહત્ત્વપૂર્ણ અવસર હતો. કાર્યક્રમ ભાવનાઓ, કૃતજ્ઞતા અને આનંદથી ભરપૂર રહ્યો, જેમાં અધ્યાપક મંડળ અને જુનિયર વિદ્યાર્થીઓએ મળીને સિનિયર વિદ્યાર્થીઓને હાર્દિક વિદાય આપી. આ પ્રસંગે વિદ્યાર્થીઓના સંસ્થામાં વિતાવેલા વર્ષોના અનુભવો, સિદ્ધિઓ અને યાદગાર ક્ષણોને ઉજાગર કરવામાં આવ્યા. કાર્યક્રમનો એક મહત્ત્વપૂર્ણ ભાગ સન્માન અને પ્રમાણપત્ર વિતરણ માટે સમર્પિત હતો, જેમાં વિદ્યાર્થીઓને વર્ષભરની તેમની સક્રિય ભાગીદારી અને નોંધપાત્ર યોગદાન બદલ માન્યતા આપવામાં આવી. એકેડેમિક્સ (Mrs. Jinal N. Tandel/Mrs. Heta M. Kachhiya), કલ્ચરલ ક્લબ (Mrs. Palak K. Vyas), સ્પોર્ટ્સ ક્લબ તેમજ SSIP (Mr. Krunal H. Solanki), દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક, સહ-પાઠ્યક્રમ, રમતગમત અને નવીન પ્રવૃત્તિઓમાં દર્શાવેલ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યા. આ સન્માન દ્વારા સંસ્થાની સર્વાંગી વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્પષ્ટ થઈ અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વધુ પ્રગતિ માટે પ્રોત્સાહન મળ્યું. ભાગ લેનારા ૫૦ વિદ્યાર્થીઓ અને ૧૩ શિક્ષકોએ ભાગ લીધો. વિદાય સમારોહ અંતે ભાવુક છતાં આશાભર્યા માહોલમાં પૂર્ણ થયો, જેમાં બેચ ૨૦૨૨-૨૩ના વિદ્યાર્થીઓને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી. આ પ્રસંગે માત્ર તેમની સિદ્ધિઓનો જ નહીં, પરંતુ સંસ્થા સાથેનો અતૂટ બંધ પણ વધુ મજબૂત બનાવ્યો, જે દરેક માટે યાદગાર બની રહ્યો.

## ।। ઐતિહાસિક ।।

## 'ગુજરાતનું અપ્રતિમ વાવ સ્થાપત્ય'

**કે. સી. બારોટ**

ગુપ્ત રાજવીઓના શાસનકાળને પ્રાચીન ભારતનો તેમજ મુઘલ (બાદશાહ શાહજહાંના) શાસનકાળને મધ્યકાલીન ભારતનો સુવર્ણયુગ ગણવામાં આવે છે. એ જ રીતે ગુજરાતના સોલંકી-વાઘેલા કાલીન શાસનકાળ (ઈ.સ. ૯૪૨ થી ૧૩૦૪) ને પણ આ દરજ્જો આપવામાં આવેલ છે. સામાન્યતઃ સુવર્ણયુગ એટલે સાર્વત્રિક ક્ષેત્રે સિદ્ધિસભર સમયગાળો. એ દષ્ટિએ મૂલવતાં ગુજરાતના આ શાસકોએ પણ એવી સિદ્ધિ હાંસલ કરી હતી. આ પ્રગતિ અંતર્ગત આવતી સાંસ્કૃતિક સિદ્ધિઓ વિશેષ ધ્યાનાકર્ષક જણાઈ છે. ત્યારબાદ મુસ્લીમ શાસનકાલીન (ઈ.સ.૧૩૦૪ થી ૧૭૬૦) ગુજરાતમાં પણ આ પ્રવૃત્તિ પૂર્વવત્ ચાલુ રહેતાં, કલાવૈભવનો જે વારસો આપણને મળ્યો તેને જોઈને આજે પણ દેશ-વિદેશના પ્રવાસીઓ અભિભૂત થયા વિના રહેતા નથી. વાસ્તવમાં આવાં સ્થાપત્યો થકી જ આપણા ગુજરાતનો સાંસ્કૃતિક વારસો રળિયાત બન્યો છે.

ઉપરોક્ત સ્થાપત્ય કામો પૈકીનાં વાવ સ્થાપત્યોનું વિશેષતઃ ગુજરાત અને રાજસ્થાનમાં ખાસ મહત્ત્વ છે. આમ તો તે એક જળાશય માત્ર છે, પરંતુ એ ઉપયોગ ઉપરાંત સ્થાપત્ય કલાના એક આગવા અંગ તરીકે તેનું અસ્તિત્વ અને મહત્ત્વ નોંધપાત્ર ગણી શકાય તેવું છે. એ સંજોગોમાં આપણે આ ''વાવ'' શું છે ? તે સમજી લઈએ 'વાવ' શબ્દ વાસ્તવમાં સંસ્કૃતના 'વાપિકા' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. આ સ્થાપત્ય કામ અંગે સાવ સરળ અને સમજાય તેવી વ્યાખ્યા આપતાં કહેવું કે ''વાવ એટલે પગથિયાંવાળો કૂવો'' પર્યાપ્ત નથી. તેથી વાવની સાવ સામાન્ય પરિભાષા આપતાં કહી શકાય કે વાવ એટલે પગથિયાંની મદદથી છેક જળસ્તર સુધી એક કે તેથી વધુ માણસો એક સાથે ઊતરીને પોતાની તૃષા તૃપ્ત કરી શકે તેવો કૂવો. એટલું જ નહીં પણ ત્યાંની ઠંડકમાં બેસીને બહારના તાપ-ટાઢકે પ્રવાસના થાકમાંથી થોડીક વિશ્રાન્તિ મેળવી શકે અને ક્વિંચિત તેના કલા-સ્થાપત્યને નિહાળી આનંદ પ્રાપ્ત કરી શકે તેવી એક વિશિષ્ટ જગ્યા, એમ કહેવું વધુ યોગ્ય ગણાશે. આ તબક્કે પ્રશ્ન એ થાય કે ગુજરાતમાં આવાં બાંધકામનો પ્રારંભ ક્યારથી થયો ? તે પર સહેજ નજર કરી લઈએ.

ગુજરાતમાં મૈત્રક કાળ (ઈ.સ.૪૭૦ થી ૭૮૮) દરમ્યાન સૌ પ્રથમ વાવ સૌરાષ્ટ્રની ઝીલાણી (ઈ.સ.૫૨૦) અને મંજુશ્રી (ઈ.સ.૬૫૦)''[૧] બંધાઈ હોવાનો ઉલ્લેખ મળે છે, પરંતુ તેને લગતી અન્ય વિગતો ઉપલબ્ધ નથી. આમ મૈત્રકકાળથી જ ગુજરાતમાં બંધાવા શરૂ થયેલાં, આવાં વાવ સ્થાપત્યો, સોલંકી-વાઘેલા કાળમાં પોતાની સર્વોત્કૃષ્ટ કક્ષાએ પહોંચ્યાં અને ત્યારબાદ મુસ્લિમ શાસનકાળ દરમ્યાન પણ પૂર્વવત્ ચાલુ જ રહ્યાં. માટે જ કેટલાક વિદ્વાનો તેને પુરાલયો, મહાલયો, દેવાલયો, જળાશયો, દૂર્ગો અને ઉદ્યાનોની માફક નગરીય સ્થાપત્યનો એક ભાગ ગણાવે છે. પાશ્ચાત્ય કલા વિવેચક બર્જેસ અને કોસેન્સ (Burges and Cousens) આ સંદર્ભે નોંધે છે કે, ''નાગરિક સ્થાપત્યમાં વાવની રચના એક વિશિષ્ટ પ્રકારની ગણાય છે, એટલું જ નહીં પણ તે ઘણે અંશે ગુજરાત અને રાજસ્થાનમાં જ વિકાસ પામેલ છે.'[૨] આ વિધાનને તપાસતાં જણાવવું રહ્યું કે ગુજરાત અને રાજસ્થાન પાણી માટે ખેંચ અનુભવતાં રાજ્યો છે. તેથી ત્યાંના અંતરિયાળ અથવા જાહેર માર્ગો પર આવેલાં સ્થળોએ આવાં બાંધકામો સવિશેષ બનેલાં જણાય છે. દા.ત. પ્રાચીન સૌરાષ્ટ્ર (સુરાષ્ટ્ર)ને રાષ્ટ્રીય ધોરી માર્ગ સાથે જોડતા, ઉત્તરમાં અણહિલપુર-પાટણ થઈને ઝીંઝુવાડાના રસ્તે ધાંગધ્રા, મોરબી, જોડીયા, જામનગર અને દ્વારકા જતાં (એક માર્ગ), જ્યારે (બીજા માર્ગે) ધોળકા થઈને ધંધુકા, વલ્લભીપુરને રસ્તે પ્રભાસ પાટણ, વેરાવળ, પોરબંદર અને દ્વારકા

જતાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પર ભૂતકાળની ઐતિહાસિક કથની કહેતી કિંમતી અવશેષો રૂપી વાવો નજરે પડે છે.[૩] માટે જ જાણીતા વિદ્વાન રત્નમણીરાવ ભીમરાવ જોટે તેને 'ગુજરાતની ખાસ વિશેષતા'[૪] ગણાવે છે. ગુજરાતમાં મુખ્યત્વે રાજા-રાણીઓ, શ્રેષ્ઠીઓ, દાતાઓ, મહાજનો, વ્યાપારીઓ અને ક્વચિત્ વણઝારાઓ દ્વારા આવાં બાંધકામો કરાવવામાં આવેલાં છે. જેની પાછળ મહદ્અંશે તૃષાતુર માણસની તૃષા બુઝાવી પુણ્ય કમાઈ લેવાનો આશય રહેલો જોવા મળે છે. આધુનિક પરિપ્રેક્ષમાં વિચારીએ તો આ વાવ સ્થાપત્યોને આપણે જળ વ્યવસ્થાપનનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ગણાવી શકીએ. વિશ્વ જળસંકટ અને વ્યવસ્થાપન ક્ષેત્રે કામ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આ સંદર્ભે માર્ચ-૨૦૦૨માં નેધરલેન્ડના ડેનહેગ નગર ખાતે 'વર્લ્ડ-વૉટર ફોરમ' અંતગર્ત આયોજીત કરેલ એક વર્લ્ડ કોન્ફરન્સમાં પ્રા.સુભાષ બ્રહ્મભટ્ટ (આચાર્ય, એચ.કે. આર્ટ્સ પ્રતિકૃતિ, કોન્ફરન્સના અધ્યક્ષ અને રશિયાના પૂર્વવડા મિખાઈલ ગોર્બોચોવને ભેટ ધરીને, ગુજરાતે પ્રાચીનકાળથી જળ-વ્યવસ્થાપન ક્ષેત્રે દાખવેલ સુઝ-બુઝનો ખ્યાલ આપ્યો ત્યારે ઉપસ્થિત સર્વે મહાનુભાવો એ તેને તાળીઓથી વધાવી લીધો હતો.[૫] એ દર્શાવે છે કે આ વાવ સ્થાપત્યનું માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં પણ વૈશ્વિક કક્ષાએ પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આવા વૈભવી કલાવારસાને ફી લોકમાનસમાં જીવંત કરી લેવાની આપણી સૌની ફરજના ભાગરૂપે અત્રે એની ઉપયોગિતા, રચના, મહત્તા, કલાવૈભવ તેમજ ઇતિહાસને લગતી થોડીક માહિતી મેળવીશું.

ડૉ.એચ.જી.શાસ્ત્રી અને પ્રા.પરીખ વાવની ઉપયોગિતા સંદર્ભે નોંધે છે કે ''ગુજરાત-રાજસ્થાનનો પ્રદેશ પ્રાચીન સમયથી જ વ્યાપાર-વાણિજ્ય સાથે સંકળાયેલ છે. (પૂર્વે જ્યારે) માલધારી વણઝારાની પોઠો એક સ્થળેથી બીજે સ્થળે નિરંતર સ્થળાંતર કરતી (એવા સમયે) વેરાન પ્રદેશમાં (પીવા માટે) મીઠું પાણી મળી રહે તે માટે અનેક નિર્જન સ્થળોએ તેમજ ગામના ગોંદરે ઠેરઠેર વાવો બંધાયેલ મળી રહે છે. ગુજરાતના પ્રાચીન વ્યાપારના હેતુ માટે ધોરીમાર્ગો પર અમુક અંતરે જળાશયો બંધાતાં. સાર્વજનિક પરમાર્થ માટે તેનું નિર્માણ પુણ્યપદ પૂર્વધર્મ ગણાતો''[૬]

આમ જોતાં આવી વાવો બાંધવા પાછળનો આશય અને તેની ઉપયોગિતા સમજી શકાય તેમ છે. હવે તેની રચના પર ધ્યાન આપીએ ''એમાં એવી રચના હોય છે કે; લંબચોરસ વાવના છેડે કૂવો હોય અને એ કૂવાની સામેના છેડેથી પાણીની સપાટી તરફ ઊતરવાનાં પગથિયાં હોય; જેથી એમાં સહેલાઈથી ઊતરી શકાય''[૭] તેની વિશેષ સમજ આપતાં કહી શકાય કે, ''જે જગ્યાએ કૂવો કરવાનો હોય તેનાથી અમુક અંતરે જમીન પર પ્રથમ એક પીઠિકા બાંધવામાં આવે છે. તેની એકબાજુએ ચોક્કસ કદના પગથિયાંની સીડીવાળી રચના કરવામાં આવે છે. ક્રમેક્રમે એ પગથિયાં પેલા કૂવાની એક દીવાલને છેદે છે... પાણીની સપાટીએ પહોંચવા માટે પગથિયાં ઉતરનાર વર્ગને વધુ શ્રમ ન પડે એ માટે અંતરે અંતરે નાના કદના અને વચ્ચે વચ્ચે મોટા કદના પડથાર બાંધવામાં આવે છે. એ રીતે વાવના કૂવાને પહોંચવા ત્રણ ચાર પડથારથી નવ નવ પડથાર સુધીની યોજના કરવામાં આવે છે. આ મુખ્ય પડથારની બંને બાજુએ દીવાલને અઢેલીને ભીતાસ્તંભો (કુડચસ્થંભો) તથા વચમાં છુટા ગંભો પર એક પછી એક ટેકવેલ મજલાની રચના કરવામાં આવે છે. પડથારની બંને બાજુએ દીવાલોને ગવાક્ષ (ગોખલા) યોજીને તેમાં દેવદેવીઓનાં શિલ્પો તેમજ સુશોભનો વગેરે મુકવામાં આવે છે. આમ કૂવાના પાણીની સપાટીએ પહોંચતા સુધીમાં વાવમાં, ત્રણ, પાંચ કે સાત માળ સુધીની યોજના આપોઆપ થઈ જાય છે. સ્થાપત્યની પરિભાષામાં આ માળને 'કૂટ' કહે છે કૂટની દીવાલની આસપાસ અગરતો બન્ને બાજુએ કૂવામાં સહેલાઈથી ઊતરી શકાય તે માટે દીવાલમાં ત્રાંસી કે વર્તુળાકાર સીડીની યોજના કરવામાં આવે છે. કેટલીક વાવોની મધ્યમાં કૂવો રાખીને તેની ત્રણે બાજુએ ઊતરી શકાય એ પ્રકારે પગથિયાંની રચના હોય એવા પણ દાખલા જોવા મળે છે.''[૮]

વાવ સ્થાપત્યની રચનાની મોટાભાગની બારીકાઈથી જોયા પછી હવે આપણે તેના પ્રચલિત એવા વિવિધ પ્રકારો પર એક નજર કરીએ, તો જણાય છે કે શાસ્ત્રગ્રંથોએ વાવના કુલ ચાર પ્રકારઃ નંદા, ભદ્રા, જયા અને વિજયા ગણાવ્યા છે. આ તમામ પ્રકારોની શાસ્ત્રીય સમજ આપતાં નોંધી શકાય કે ''એક મુખ અને ત્રણ ફૂટની વાવને 'નંદા' બે મુખ અને બે ટનની વાવને 'ભદ્રા', ત્રણ ફૂટ અને ત્રણ મુખની વાવને 'જયા' તથા ચાર મુખ અને ચાર ફૂટની વાવને 'વિજયા' કહેવાય છે. ગુજરાતમાં આપણને જે પ્રાચીન વાવો જોવા મળે છે, તેમાંની મોટા ભાગની એક મુખની અર્થાત્ 'નંદા' પ્રકારની (વિશેષ) છે. આ વાવમાં ફૂટની સંખ્યાનું કોઈ નિશ્ચિત ધોરણ રહ્યું નથી. વળી કેટલેક સ્થળે કાટખૂણા ઘાટની વાવ પણ જોવા મળે છે. આવી એક સુંદર અને અલંકૃત વાવ મોડાસામાં છે, પરંતુ શાસ્ત્રોમાં એનું વિશેષ વિવરણ જોવા મળતું નથી.''[૯]

વાવ સ્થાપત્ય અંગે આટલી પ્રાથમિક માહિતી મેળવી લીધા પછી હવે ગુજરાતની કેટલીક પ્રાચીન તેમજ પ્રચલિત વાવોની ચર્ચા હાથ ધરીશું. એ ક્રમમાં સૌ પ્રથમ પાટણ (ઉ.ગુ.) ની રાણકી વાવ કે રાણીની વાવનો ખ્યાલ મેળવીએ.

**રાણીની વાવ (પાટણ-ઉત્તર ગુજરાત) :** ગુજરાતમાં પથ્થરની કલાત્મક, અલંકૃત અને સુંદર એવી જે વાવો જળવાઈ રહી છે તેમાં સૌ પ્રથમ આ વાવનો ઉલ્લેખ કરવો રહ્યો. 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' નામના ગ્રંથનું લેખન કરતી વેળાએ વિદ્વાન કેટલીક રત્નમણીરાવ ભીમરાવ જોટેએ તેની સ્થળ તપાસ કરીને (ઈ.સ. ૧૯૪૫) નોંધ મૂકી હતી કે ''પાટણની આ રાણીવાવ એક વખતની ભવ્ય અને સુંદર વાવનો નમૂનો હશે, પણ આજ તો ત્યાં એક વિશાળ ખાડો માત્ર છે''[૧૦] ત્યારબાદ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ'' (ભાગ-૧-૨) નામનો ગ્રંથ લખતી વેળાએ જાણીતા લેખક દુર્ગાશંકર શાસ્ત્રીએ પણ (૧૯૫૩માં) જ્યારે તેની સ્થળ પરની મુલાકાત લીધી ત્યારે તેમણે પણ શ્રી જોટેને મળતો જ અભિપ્રાય રજૂ કર્યો હતો. પરંતુ તે પછી ભારત સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી અહીં ખોદકામ અને સમારકામ હાથ ધરાતાં (૧૯૮૬), વર્ષોથી કાળના અંધારામાં દટાયેલા આ સ્થાપત્ય રત્નના કલાવૈભવના માત્ર ગુજરાત નહિ પણ દેશ-વિદેશના અનેક કલારસિકો અને તજજ્ઞોને લાભ મળવા પામ્યો છે. ''પત્થરમાં કંડારેલ કાવ્યકૃતિ સમી આ સ્થાપત્ય રચના ગુજરાતની કલાપ્રિયતા અને સૌંદર્ય નિષ્ઠાનું આબેહૂબ પ્રતિબિંબ પાડે છે. આ જડ પથ્થરો ગરવા ગુજરાતીઓની સૌંદર્ય-ઝંખના અને મનુષ્યની કલા ભાવનાનાં જીવંત પ્રતીકો છે. આ વાવ કલારસિકો અને સૌંદર્યના જિજ્ઞાસુઓ માટેનું એક અનુપમ તેમજ નયનરમ્ય કલાધામ છે.''[૧૧] આ વાવ પાટણ (જિ.પાટણ) શહેરની ઉત્તર દિશાએ બે કિ.મી. સરસ્વતી નદીતટે આવેલ છે. તેની સમીપે પાટણના પ્રાચીન દુર્ગો અને સહસ્રલિંગ તળાવના અલંકૃત છતાં ભગ્ન અવસ્થા ધરાવતા અવશેષો નજરે પડે છે. ''આ વાવ ગુજરાતના ચૌલુક્ય (સોલંકી)વંશી રાજવી ભીમદેવ પ્રથમ (ઈ.સ.૧૦૨૨)'' ની રાણી ઉદયમતિએ બંધાવી હોવાનો ઉલ્લેખો મેરૂતુંગકૃત ('પ્રબંધ ચિંતામણી' માંથી મળી રહે છે. આ વાવનું બાંધકામ પૂર્વ-પશ્ચિમ દિશામાં વિસ્તરેલું છે. તેનાં બાંધકામ સમયે તે કુલ છ કે સાત ફૂટ (મજલા) ધરાવતી હોવાનું જણાય છે. જેથી આપણે તેને, (સ્થાપત્ય કલાવિદોના વિવરણ અનુસાર) ભદ્રા પ્રકારની વાવ કહી શકીએ. વર્તમાન સમયે આ સ્થળે ચઢ-ઉતરની સુગમતાવાળાં પગથિયાં ધરાવતા પ્રવેશ તેની બંને બાજુએ દીવાલો શોભામંડપ, કૂની પાછલી દીવાલ અને કુલ પાંચ ફૂટ જળવાયેલ અવસ્થામાં જોવા મળે છે. દીવાલમાં સાત પડથાર છે. દીવાલમાં નીચેથી ઉપર તરફ જોતાં છ મજલા સુધી વિવિધ શિલ્પોનો શણગાર નજરે ચઢે છે. એનો પ્રથમ મજલો ભગ્ન અવસ્થામાં છે. એની કુલ લંબાઈ લગભગ ૬૫ મીટર, પહોળાઈ ૨૦ મીટર અને ઉંડાઈ ૨૮ મીટર જેટલી છે. વાવની શિલ્પ સમૃદ્ધિમાં શૈવ, શાક્ત, વૈષ્ણવ અને માનવને લગતાં શિલ્પો નજરે પડે છે''.[૧૨]

આ વાવના ભગ્નાવશેષો જોતાં તેની સ્થાપત્ય કલાની સમૃદ્ધિનાં એંધાણ મળી રહે છે. મોટાભાગના કલા-વિવેચકોએ તેનાં ભરપેટ વખાણ કર્યા છે. સ્થાપત્યકલા, શિલ્પકલા અને ખાસ કરીને વાવ સ્થાપત્યના તજજ્ઞો પૈકીના કેટલાંકને મતે આગ્રાના તાજમહેલ જેવું આદરપાત્ર સ્થાન પાટણની આ રાણીવાવનું પણ છે. અહીંથી પ્રાપ્ત થતાં શિલ્પોનું કોતરકામ અદ્ભુત અને ઉત્તમ પ્રકારનું છે. એના ઝરૂખાઓના ટેકામાં સુંદર નર્તકીઓ, અપ્સરાઓ અને દેવદેવીઓનાં શિલ્પો છે. આ શિલ્પાવશેષની સમૃદ્ધિ પરથી એ ગુજરાતની સર્વોત્તમ કોતરણીવાળી વાવ હોવાનું પ્રગટ થાય છે.''[૧૩]

રાણીની વાવની આ શિલ્પ સમૃદ્ધિની વિગતોમાં ઉતરી ઝીણવટભર્યું અવલોકન કરીએ તો તેની વિશેષતાઓ, બારીકાઈઓ અને ખૂબીઓ સાફ જણાઈ આવે છે. અહીંના કેટલાંક શિલ્પો ધ્યાનપૂર્વક અને અક્ષુણ્ણ અવસ્થામાં સચવાયેલાં જોવા મળે છે. અહીંના શિલ્પોમાં શિવ-પાર્વતીના યુગલ સ્વરૂપ, ઈશાન, ગણેશનાં વિવિધ સ્વરૂપો તેમજ પરિવાર દેવતાઓના વૈષ્ણવ સંપ્રદાયનાં સ્વરૂપોમાં વાવના ત્રીજા અને ચોથા પડથારમાં વિષ્ણુના ચોવીસ અવતારોની મૂર્તિઓ સળંગ પેનલમાં ગોઠવેલી જોવા મળે છે. સાથે દશાવતારનાં શિલ્પોમાં વરાહની શાસ્ત્રોક્ત વિધાનવાળી મૂર્તિ, વામનજીની ચિત્તાકર્ષક મૂર્તિ તેમજ રામબલરામ તથા બુદ્ધ અને કલ્કી અવતારની ઘોડેશ્વાર પ્રતિમાઓ અનોખું આકર્ષણ ઊભું કરે છે. ઉપરાંત લક્ષ્મીનારાયણની બેઠેલી તેમજ ઊભેલી મૂર્તિઓ, સહસ્રદલપદ્મ ધરાવતાં પદ્માસનમાં બેઠેલ મહાલક્ષ્મીની ઉત્કૃષ્ટ પ્રતિમાઓ, ઉપરાંત વિશ્વરૂપ વિષ્ણુની પ્રતિમા વિશેષ ધ્યાન આકર્ષે તેવી છે''[૧૪]

ઉપરોક્ત તમામ શિલ્પોના ગવાક્ષની બંને બાજુએ મૂકેલાં અપ્સરાઓનાં વિવિધ ક્રીડામગ્ન શિલ્પો દેશ-વિદેશના પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરીને બીજી જ દુનિયામાં લઈ જાય તેવાં છે. આમાંથી કેટલાંક શિલ્પોનું આલેખન કર્યા વિના તેની કલાનો રસાસ્વાદ લઈ શકાય તેમ નહીં હોવાથી અત્રે સંક્ષિપ્તમાં વર્ણન કરવાની રજા લઉં.

રાણીની વાવનાં કેટલાંક શિલ્પો પૈકીનું એક ઉત્કૃષ્ટ શિલ્પ છે. સદ્યસ્નાના સ્ત્રીનું. આ શિલ્પમાં પોતાની કલાનો નિચોડ આપતાં કલાકારે (સ્નાનથી) પરવારીને એક નવયૌવના પોતાના મેઘ શા કેશકલાપને કોરો કરવા મથતી દર્શાવી છે. એ દરમ્યાન આ ઘનશ્યામ (કાળાવાદળ જેવા) કેશકલાપમાંથી ટપકતાં જળબિંદુઓને તૃષાતુર ચાતકપક્ષી (વાદળમાંથી ટપકતાં વર્ષા બિંદુઓ સમજીને) પોતાની ચાંચમાં પકડી લેવા આતુર થયેલ જણાય છે. આવા બીજા-એક શિલ્પમાં એક નવયૌવના પોતાના એક હાથથકી પવનથી સરકી જતાં વસ્ત્રો દ્વારા પોતાનાં પૃષ્ઠ અંગઉપાંગોને ઢાંકવા વૃથા પ્રયાસ કરતી દર્શાવી છે. જ્યારે અન્ય એક શિલ્પમાં તો કલાકારે પોતાની કલાનો શ્રેષ્ઠ પ્રયોગ કરતાં પ્રતિકારાત્મક રીતે થોડામાં ઘણું કહી દેવાની પોતાની વિશિષ્ટ આવડતનાં દર્શન કરાવ્યાં છે. એ શિલ્પને જો ધ્યાનથી જોવામાં કે સમજવામાં ન આવે તો એની મઝા મરી જાય તેમ છે. એમાં એક વિરહિતા નવયૌવના પોતાના વિદેશગામી પિયુને યાદ કરીને અંગડાઈ ગઈ રહી છે. એની ખુલ્લી અને માંસલ જાંઘ પર એક નાનકડો વૃષિક બતાવીને કલાકાર આ શિલ્પ થકી તેની કલ્પનામાંની યુવતીના શરીરમાં કામદેવ દ્વારા મારવામાં આવતા ડંખ, તેને વીંછી જેવી કારમી વેદના આપતા હોય તેમ દર્શાવ્યું છે. આ તમામ ભાવો આ શિલ્પના ચહેરા પર ટાંકીને કલાકારે હદ કરી નાંખી છે. આ ઉપરાંત નૃત્યારંભે પગમાં નુપુર બાંધતી સ્ત્રી તેના કુદરતી શૃંગારને મુગ્ધતા અને નિર્દોષતા દ્વારા સજાવીને જોનારાના ચેતનાતંત્રને સ્તબ્ધ કરી દેતી જણાય છે. વળી પત્રલેખની કન્યા, દર્પણમાં પોતાનું સૌંદર્ય જોઈને વારી જતી-હરખાતી સુકન્યા, અંજન શલાકા દ્વારા પોતાના કમળ જેવા નયનોમાં સુરમો-કાજળ આંજતી નવયૌવના, વગેરે તમામ શિલ્પોમાં નારી દેહની કમનીયતા, માદકતા, કોમળતા, મુગ્ધતા અને એ બધા ઉપરાંત ચહેરા પર કંડારેલા ભાવ જોઈ


ISSN 0976-9609

કોઈપણ પ્રવાસી ભાવવિભોર થયા વિના રહી શકે જ નહીં એમ જણાય છે.

આવાં સુંદર નારી શિલ્પો ઉપરાંત સ્તંભો તેમજ દીવાલોમાં બનાવેલ પર્ણકુંભ, અમરવેલ, સ્વસ્તિક, કીર્તિમુખ અને કલ્પવૃક્ષનું શિલ્પાંકન પણ અદ્‌ભુત છે. પ્રાચીન ભારતીય મહાકાવ્યો (રામાયણ-મહાભારત)ના જગપ્રસિદ્ધ કથાશિલ્પો જેવાં કે ઋષિકન્યા શકુંતલાના પુત્ર ભરત દ્વારા સિંહના દાંત ગણવાની પ્રવૃત્તિ દર્શાવતું શિલ્પ વગેરે સિદ્ધહસ્ત કલાકારોના કલાવૈવિધ્ય અને તેમને પોષતા રાજા-રાણીઓના કલા મર્મજ્ઞતા, કલારસિકતાનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. માટે જ અહીંનાં શિલ્પોનું બારીકાઈથી કરેલ કોતરકામ સિદ્ધહસ્ત કલાકારની કલાસિદ્ધિનું સોપાન ગણાય છે. સાચે જ આ રાણીવાવ પથ્થરમાં કંડારેલ માનવ સૌંદર્યનું મહાકાવ્ય છે.''[૧૫] પં.દુ.કે.શાસ્ત્રીએ પણ આ સંદર્ભે નોંધ્યું છે કે આ વાવની દીવાલોના તથા થાંભલાઓના ઘણા પથરાઓ ઉપાડી જવામાં આવ્યા છે. કર્નલ ટોડના વર્ણન પરથી શહેરમાં એક કૂવો બાંધવામાં આ સામાન વપરાયો હોવાનું જણાય છે. તે પરથી તપાસ કરતાં શહેરની અંદર આવેલ બહાદુર-સિંહની (ત્રિકમ બારોટ)ની વાવ બાંધવામાં આ રાણીવાવના પથરાઓ વપરાયા છે તેમ જાણવા મળ્યું છે. આ વાવની લંબાઈ એના અનેક આરકાઓ ઉપરનું કોતરકામ વગેરેનો સમગ્રતયા વિચાર કરતાં જણાય છે કે રાણીવાવ જ્યારે આબાદ હશે ત્યારે ગુજરાતમાં એના જેવી વાવ ભાગ્યે જ હશે.''[૧૬] એમ લાગ્યા વિના રહેતું નથી. પાટણ ખાતે આવેલી આ વાવ અંગે જાણીતા પુરાતત્ત્વવિદ્ અને મ.સ.યુનિવર્સિટી, વડોદરાના પુરાતત્ત્વ વિભાગના પૂર્વ અધ્યક્ષ સ્વ.ડો.આર.એન. મહેતા પણ જણાવે છે કે ''સોલંકીકાલીન વાવોમાં આ વાવ નંબર એક છે. આ વાવ જેવી શિલ્પ સમૃદ્ધિ અને કોતરકામ ભારતની (અન્ય કોઈ) વાવમાં ભાગ્યે જ જોવા મળે છે.''[૧૭]

રાણીની વાવના આટલા વિસ્તૃત વર્ણન પછી હવે સોલંકી વાઘેલાકાલીન ગુજરાતનાં અન્ય વાવ સ્થાપત્યોનો સંક્ષિપ્તમાં અભ્યાસ કરીશું. એ ક્રમમાં આગળ વધતાં જોઈ શકાય કે દક્ષિણ ગુજરાતમાં ખેડા જિલ્લાના મુખ્યનગર ''નડિયાદની ડુમરાલ ભાગોળ-માં આવેલ વાવ ચાર કૂટ (મજલા) ધરાવે છે. તે સિદ્ધરાજની માતા મિનળદેવીએ વિ.સ.૧૧૫૨ (ઈ.સ. ૧૦૯૫)માં બંધાવી હોવાનું મનાય છે. વળી કપડવંજના તોરણ પાસે ઓલ કુંડ નજીકની જીર્ણ-શિલ્પો ધરાવતી તથા મોટે ભાગે દટાઈ ગયેલ વાવ સિદ્ધરાજે બંધાવી હોવાનું મનાય છે.''[૧૮]

એ જ રીતે બનાસકાંઠા જિલ્લાના અને બનાસ નદી તટે આવેલ વાયડ ગામની વાત પણ સોલંકી કાળની છે. એ લગભગ ૧૨૦ ફૂટ લાંબી અને પાંચ કોઠાની છે. તેમાં નીચે ઉતરવા માટે સળંગ પગથિયાં છે. વચ્ચે વચ્ચે દરેક કોઠે સુંદર સ્તંભોના ટેકા મૂકવામાં આવેલા છે. દરેક કોઠે બંને બાજુએ ગોખમાં સુંદર શિલ્પો મુકવામાં આવેલા છે. અહીં અંધકાસુરનો વધ કરતા શિવની એક સુંદર મૂર્તિ આવેલી છે.''[૧૯]

આ ઉપરાંત એક સુંદર વાવ સૌરાષ્ટ્રમાં વઢવાણ શહેરની મધ્યમાં આવેલ છે. આ વાવ વિશે દંતકથા પ્રચલિત છે કે, વાવમાં પાણી ન આવતાં એક દંપતીનો ભોગ આપવામાં આવેલો, એ પછી જ પાણી આવ્યું હતું. લોકકથા પ્રમાણે આ વાવ વાઘેલા રાજવી કર્ણદેવના મંત્રી માધવે બંધાવેલ મનાય છે. એમાંથી સં.૧૩૫૦ (ઈ.સ.૧૨૯૪)નો લેખ મળી આવ્યો છે.''[૨૦] ઉપરોક્ત ''લેખ ઉપરથી નાગર જ્ઞાતિનાં કોઈ સિંધુ કે તુષમા દેવીનો આ વાવ સાથે કોઈક સંબંધ હોય તેમ જણાય છે. ગુજરાતની આ એક ઉત્તમ વાવ છે. આ વાવના કૂવા પર ઝુલતો ઝરુખો છે. તેના પ્રવેશદ્વારથી આજુબાજુની જાળીઓમાં સુંદર નકશીકામ જોવા મળે છે. વાવના સ્તંભ ચોરસ ઘાટના છે. વાવ સાત કોઠાની છે. વાવમાં ભિતાસ્તંભો પણ આવેલા છે. પ્રવેશદ્વારની શાખાઓ અને ઓતરંગમાં દેવદેવીઓ તથા માનવલીલાના કેટલાંક શિલ્પો કંડારવામાં આવેલ

છે. બીજાં કેટલાંક સુંદર શિલ્પો જેવાં કે સપ્તમાતૃકા, નવગ્રહ, દશાવતાર, બ્રહ્મા, શિવ, વિષ્ણુ વગેરે પણ અત્રે જોવા મળે છે''[૨૧]

વઢવાણની આ વાવ અંગે શ્રી એચ.જી.શાસ્ત્રી નોંધે છે કે વઢવાણની ગંગા અને માધાવાવ તેમજ રાજકોટ પાસેના સેજકપુરથી છ માઈલ દૂર આવેલા ધાનદલપુરમાં પણ આજ પ્રકારની એક સુંદર વાવ આવેલી જોવા મળે છે. માધાવાવના પ્રથમ કૂટને સંલગ્ન એક સુંદર તોરણે આવેલ છે. આ તોરણ પર અનેક દેવદેવીઓનાં શિલ્પો કંડારેલા છે. સ્તંભોની શિરાવટીમાં કીર્તિમુખોની કોતરણી છે. આ વાવ કર્ણ વાઘેલાના મંત્રી માધવે, પોતાનાં માતા-પિતાના સ્મરણાર્થે બંધાવી હતી.''[૨૨]

આમ સોલંકી વાઘેલાકાલીન ગુજરાતની પ્રાચીન વાવને લગતી ઉપરોક્ત માહિતી મેળવી લીધા પછી, હવે ગુજરાતમાં મુસ્લિમ શાસનકાળ દરમ્યાન બંધાયેલી વાવો પર પણ એક નજર કરીશું. આ સમયની વાવોની ખાસિયત તરફ અંગૂલિનિર્દેશ કરતાં શ્રી એચ.જી.શાસ્ત્રી અને શ્રી આર.સી.પરીખ નોંધે છે કે સલ્તનતકાળની વાવોના આયોજનમાં હિંદુ શાસ્ત્રોનો પ્રભાવ જરૂર છે. પણ તેની નકલ નથી.''[૨૩] અર્થાત્ આ સમયના વાવ સ્થાપત્યમાં તેનું મૌલિક કલા-કૌશલ સાફ દેખાઈ આવે છે.

આ સંદર્ભે અત્રે સલ્તનત સમયની કેટલીક ખાસ વાવો અંગે ચર્ચા કરીશું.

**માતા ભવાનીની વાવ (અમદાવાદ) :** અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલ આ વાવ સલ્તનતકાલીન હોવા અંગે થોડીક શંકા છે. કેટલાકને મતે આ વાત તે પૂર્વેની હોવી જોઈએ. કલાવિવેચક બર્જેસને મતે ''એની બાંધણી હકીકતમાં એ વખતના પુરવાર કરે છે કે તે શહેર (અમદાવાદ) વસતાં પહેલાં બાંધેલ છે. એનું ચઢાણ સીધું હોવાથી તેનાં પગથિયાં સીધાં ન બનાવતાં થોડે છેટેથી કાપીને આડાં કર્યા છે.''[૨૪] આ મત દ્વારા વિદ્વાન વિવેચકે તેના રચનાકાળ અંગે સ્પષ્ટ નિર્દેશ કરી દીધેલ છે. મધ્યકાલીન ઇતિહાસની જાણકારી માટેની આધારભૂત સાહિત્ય સામગ્રી સમાન ગ્રંથ મિરાતે એહમદી' માં પણ આ વાવનો ઉલ્લેખ જોવા મળે છે.

બાંધકામની દૃષ્ટિએ જોતા, આ વાવનું બાંધકામ શહેરની સ્થાપના પહેલાંનું જ છે. એની રચના પદ્ધતિ અને બાંધકામ જોતાં લાગે છે કે એનો સમય સંભવતઃ ઈ.સ. ૧૪મી સદી હોઈ શકે. એની રચના હિંદુ બાંધકામ પદ્ધતિને વધુ અનુકૂળ છે. જેમાં વાવનો વિસ્તાર ઓછી જગ્યા રોકે છે. એટલી જગ્યાએ ઊંડુ બાંધકામ કરવામાં આવે છે. (આ અગાઉની વાવો) કરતાં સલ્તનતકાલીન વાવની રચના પતિ જરા જુદી અને વિશેષ સલામત છે. સલ્તનત-કાલીન વાવ બાંધનારાઓએ અગાઉની વાવની નબળાઈઓનો ખ્યાલ આવી ગયો હોઈ તેમણે વાવનું લંબાણ વધાર્યુ અને ક્રમે ક્રમે ઊંડે ઊતરવા જવાની યોજના કરી. આ યોજનામાં તેઓ સૌ પ્રથમ કૂવો ખોદી લેતા. પછી અમુક ઊંચાઈએ પાણીની સપાટીની નજીકની છેલ્લામાં છેલ્લી જે ઊંચાઈ હોય ને જ્યાંથી પાણી આવતાં બાજુના કુંડમાં સંગ્રહાય ત્યાંથી પ્રવેશનું અંતર નક્કી કરી વચ્ચે ગાળા રાખી ખોદકામ ઊંડું ઉતારતા જતા. આવા એક ગાળાનું ખોદકામ પૂરું થતાં સપાટી જમીન રાખી તેના પર બાંધકામ કરી લેતા, પછીથી ઢોળાવવાળું ખોદકામ કરતા અને પગથિયાં ગોઠવતા, સ્તંભો વગેરે જોડી દેતા. આજુબાજુની ભીતોમાં પથ્થરો ઊંડે સુધી જવા દેતા અને ટેકાથી બરાબર જકડી રાખતા. પરિણામે વાવની લંબાઈ વધતી પણ એ વધુ ટકાઉ અને જવા આવવાની સરળતાવાળી બનતી. અડાલજ અને બાઈહરીની વાવમાં આ સુવિધા વધુ સ્પષ્ટ દેખાય છે.''[૨૫]

આમ મૈત્રક અને ખાસ કરીને સોલંકી-વાઘેલાકાલીન વાવ-સ્થાપત્ય અને મુસ્લિમ (ખાસ કરીને સલ્તનત)કાલીન વાવ સ્થાપત્ય વચ્ચે આ પ્રકારનો થોડોક ફેરફાર હતો, જે સમય જતાં થયેલા અનુભવોને આધારે કરવામાં આવ્યો હોવાનું ઉપરોક્ત


ISSN 0976-9609

વિધાનમાંથી સ્પષ્ટ જણાઈ આવે છે. હવે આટલી માહિતી મેળવી લીધા પછી આ સમયની મુખ્ય વાવ અડાલજની વાવના કલા-સ્થાપત્ય તથા તેને લગતાં કેટલાંક ઐતિહાસિક તથ્યોથી માહિતગાર થઈએ.

**અડાલજની વાવ (અમદાવાદ) :** આ વાવ અમદાવાદથી મહેસાણા (ઉ.ગુજ.) તરફ જવાના રાષ્ટ્રીય ધોરી માર્ગ પર અમદાવાદથી લગભગ ૧૮ મી.ના અંતરે આવેલ છે. અમદાવાદની સ્થાપનાનાં સો વર્ષના ગાળામાં ચાર ભવ્ય વાવોનું નિર્માણ થયું હતું. તેમાં અડાલજની વાવ સૌથી વધુ પ્રભાવશાળી અને સુંદર છે. આ વાવમાં હિંદુ અને મુસ્લિમ સ્થાપત્યની શૈલીઓનો બેજોડ સમન્વય થયેલો છે. અડાલજની વાવના બ્રેકેટ (સ્તંભના ટેકા)થી સમ્રાટ અકબર એટલા પ્રભાવિત થયેલા કે ફતેપુર સિક્રીમાં પણ આ અડાલજના બાંધકામના નમૂના દેખાય છે ! અડાલજની વાવની અંદર શિલ્પકલાનાં જાણે ઉપવન છે. અલંકૃત ઓટલા, છત્રીઓ, ઝરૂખાઓ, મહેલને શરમાવે તેવા કોતરકામવાળા સ્તંભો, સેંકડો હાથીઓ, અને ફૂલ, પાન, પશુ તથા પક્ષીનાં શિલ્પોવાળી આ વાત દુનિયાના સ્થાપત્યનો એક અમૂલ્ય ખજાનો છે. આ વાવના પથ્થરોમાં જે સેન્ડસ્ટોન (વપરાયેલ) છે તેમાં શિલ્પની કળા, અવકાશનો તર્ક અને સૃષ્ટિના અર્થ વિશેની વાતો કંડારેલી છે. ચક્રાકાર સીડીઓ ધરાવતી અડાલજની વાવ ત્રણ મુખ ધરાવતી જયા (પ્રકારની) વાવ છે. તેના કૂવાનો વ્યાસ સાત મીટર છે. તેના સ્તંભ ભદ્રક (ચોરસ) આકારના છે. તે ઉત્તર દક્ષિણ (કૂવા પ્રવેશદ્વાર) અને સીધા નીચાણવાળી પગથાર ધરાવે છે. તેના મુખ્ય સ્થપતિ મારન (શ્રીમાળી) હતા. પ્રાચીન ભારતની સ્થાપત્ય શૈલીઓની એક ઝલક અડાલજમાં જોવા મળે છે. અહીંના શિલ્પો ગુપ્તયુગની યાદ અપાવે છે. અડાલજ તો તેનો એક પડઘો છે. તેને જોવાથી ભારતનું પ્રાચીન સ્થાપત્ય અને કળા કેવાં ઊંચી કક્ષાનાં હશે તેનો ખ્યાલ આવે છે.''[૨૬] આ વાવમાં ત્રણ બાજુએ પ્રવેશ અને પગથિયાંની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જે દર્શાવે છે કે ત્યાં આવવાના ત્રણ રસ્તા હશે. અડાલજની આ વાવમાં વચ્ચે ૨૨$^{૧/૨}$ નો મંડપ છે તેના ઉપર ઘુંમટ હોવાનો સંભવ છે. મંડપની બાજુમાંના ઝરૂખાઓ ત્યાં બેસીને આવતા જતાં લોકોને નિહાળવા માટેની ઉત્તમ બારી જેવા છે. આ વાવ અસાધારણ સુંદર રીતે શણગારેલી છે. વાવના ગોખ પણ કોતરણીવાળા છે. એમાં કંઈક અંશે તત્કાલીન સમાજ જીવનને રજૂ કરેલ છે. નવગ્રહ, પલંગ, પાણી, કમળાકૃતિ વગેરે હિંદુ પ્રતિકો એમાં કોતરેલાં છે. વાવની લંબાઈ ૨૫૧ છે. છેડે બંને બાજુએ ચક્રાકાર સીડીઓ છે, જે છેક પાણી સુધી લઈ જાય છે. એ પરથી પાણીની સપાટી ક્યાં સુધી સામાન્યપણે રહેતી હશે એ જાણી શકાય છે. વાવના લેખમાં જણાવ્યા મુજબ આ વાવ સં.૧૫૫૫ (તા.૧૬ જાન્યુ.૧૪૯૯ના રોજ)માં સુલતાન મહંમદના રાજ્યમાં દંડાહીના વાઘેલા રાજા મોકલસિંહના વંશજ વીરસિંહની પત્ની રૂડાદેવીએ પોતાના પતિના પુણ્યાર્થે કરાવી હતી. એના નિર્માણનું ખર્ચ ૫,૦૦,૧૧૧ ટંકા થયું હતું.''[૨૭] એવો સ્પષ્ટ ઉલ્લેખ (વાવના શિલાલેખ-માંથી) મળી રહે છે.

આ સંદર્ભે અડાલજની વાવમાં આવેલા ઉપરોક્ત શિલાલેખના શ્લોક નં.૧૫ અને ૧૬માં આ વિવરણ કાવ્યાત્મક શૈલીમાં આપેલ છે જે ઉપરોક્ત વિવરણને મળતી આવતી આધારભૂત માહિતી આપે છે.[૨૮]

અડાલજની આ વાવની રચના તથા સ્થાપત્ય કલાની ઝીણવટભરી વિગતો આપતાં ડો.એચ.જી.શાસ્ત્રી અને ડો.આર.સી.પરીખ જણાવે છે કે ''આ વાવની રચનામાં સપ્રમાણતા આવવાનું કારણ એમાં વપરાયેલ સ્તંભોની બેસણીના કદનું પદ છે. એમાં ૧/૨, ૨, ૩, ૪, ની લાગણીને આધારે આયોજન થયેલ છે. તેની ખૂબી એ છે કે ભીંતમાં મૂકેલ પથ્થર પણ નિશ્ચિત સ્કેલના અને માપના છે. જેથી આખીય વાવની આયોજનના એકદમ પૂર્ણ અને સમાયુક્ત બને છે. વાવમાં જેને ફૂટ કે કોઠા કહીએ છીએ તેનો ખ્યાલ વાવોમાં રાખવામાં આવતી ખાલી જગાના આધારે

ગણાતો હોય છે. વાવના માળનો આધાર તે કેટલીક ઊંડી જાય છે. તેના પ્રમાણમાં હોય છે સલ્તનતકાળ પહેલાંની વાવમાં સ્વાભાવિક (રીતે જ) વધારે માળ રહેતા, જ્યારે આ કાળમાં લંબ પ્રસ્તાર વધારે હોઈ એ પ્રમાણમાં છીછરી અને ઓછા માળવાળી બને છે. છતાં અહીં રચનામાં સારી એવી ચોક્સાઈ રખાયાને કારણે એ વધુ સલામત રહી છે. પગથિયાં જોડતી વેળાએ પણ પગથિયાના અંત-ભાગને સીધો ન રાખતાં ખાંચાવાળો રાખ્યો છે. જેથી ધરતીકંપ કે બીજા કોઈ દબાણથી એક પણ ભાગ આગળ ન આવી શકે.''[૨૯]

આમ આ વાવ સર્વાંગ સુંદર સ્થાપત્ય કલાનો એટલો ઉત્તમ નમૂનો છે કે વાવના ઉપરોક્ત અભિલેખના શ્લોક નં.૧૧ અને ૧૨માં કવિએ પોતાની કલ્પના શકિતનો પરિચય આપતાં જણાવ્યું છે કે ''આ વાવ તો દિવ્ય માનસરોવર કે 'સ્વર્ગગંગા' છે કે કૈલાસ છે ? દેવાંગનાઓથી અધિષ્ઠિત વાતાયનો વડે એ સ્વર્ગ કે દેવલોક હોવાનો ભ્રમ ઊભો કરે છે.''[૩૦]

**બાઈ હરી (દાદા હરીની વાવ-અમદાવાદ):** અડાલજની વાવની ઉપરોક્ત તથા વિસ્તૃત માહિતીથી વાકેફ થયા પછી હવે આ ક્રમમાં છેલ્લે આપણે બાઈ હરીરની વાવની ચર્ચા કરીશું.

''માતાભવાની વાવથી થોડે દૂર દાદા હરીની વાવને નામે જાણીતી આ વાવ આવેલી છે. મહમુદ બેગડાના અંતઃપુરની સર્વાધિકારિણી હરીર નામની બાઈએ તે બંધાયેલી છે. એવું એના શિલાલેખ પર જણાવેલ છે. આ વાવ અમદાવાદની ઈશાને ઈ.સ. ૧૫૫૬ના પોષ સુદ ૧૩ને સોમવારે (૧૫ ડિસેમ્બર ૧૪૯૯) હરિપુરામાં ૨૨,૯૦૦/- મહેમૂદી (રૂપિયા) ખર્ચીને બંધાવી છે, એમ પણ લેખમાં જણાવ્યું છે.''[૩૧]

આ વાવ સંદર્ભે વિદ્વાનો નોંધે છે કે, આ વાવ હિંદુ સ્થપતિએ મુસલમાન અમલદારની દેખરેખ નીચે બંધાવેલ છે. તેમાં આપવામાં આવેલ આ વાવના નિર્માતાઓની નામાવલી પરથી આ કાળના બાંધકામના સ્થપતિઓ મોટે ભાગે હિંદુ હોવા વિશે સંભાવના રજૂ કરી શકાય છે. આ વાવની લંબાઈ ૧૪૧/૨ છે. અંદરના મંડપ ૧૬ ના છે. અષ્ટકોણ કુવાનો ચોરસ ભાગ ૨૪ નો છે. મંડપ ઊંચા નથી. થાંભલા સાદા છે. દરેક ખંડમાં મસ્જિદની જેમ ગોખ મુકેલા છે. વાવ કોતરણથી પૂર્ણ છે. છેક પાણી સુધી જતી બે નાની ગોળ ચક્રાકાર સીડીઓ છે. બેસવાનું કક્ષાસન સુંદર રીતે કોતરેલ છે. વાવના બાંધકામની યોજનામાં મુખ્ય (એકમ) થાંભલાની બેસણીનો વિસ્તાર છે. એના આધારે ૨, ૩, ૪ ના ગુણાકારમાં જગ્યા ખાલી રાખી છે. તેથી તેનો સ્કેલ ખુબ જ મનમોહક બને છે. વળી તેની ઊંચાઈમાં પણ આજ પદનો ગુણાકાર ઉપયોગમાં લીધો છે જેના કારણે સમગ્ર વાવનું આયોજન સરળ છતાં સપ્રમાણ બને છે. પગથિયાંનું માપ પણ ઊંચાઈમાં આ પદથી અર્ધ અને સપાટ છે. આમ ખુબ જ વ્યવસ્થિત રીતે બંધાયેલ આ વાવને ૨.જી.ભોંટેએ ભદ્રા જાતની વાવ કહી છે.''[૩૨]

**નિષ્કર્ષ :** આમ, ઉપરોક્ત તમામ વાવોની ઝીણવટભરી વિગતો જોયા પછી અચૂક પણે એ નિષ્કર્ષ પર પહોંચી શકીએ છીએ કે પ્રાચીનકાળથી ગુજરાત અને રાજસ્થાન માં બંધાતી આવતી આ વાવો, વાસ્તવમાં સ્થાપત્ય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ તો છે જ, પરંતુ તેની સાથે સાથે જળ વ્યવસ્થાપન અને લોકકલ્યાણની ભાવના તથા જરૂરતમંદોની જરૂરીયાત પુરી કરીને પુણ્યોપાર્જિત કરવાની ગુજરાતના દાનવીર અને દયાળુ દાતાઓની ઉદાત્ત ભાવનાના પ્રતીક સમાન પણ છે. વાસ્તવમાં ''વાવો દક્ષિણ ગુજરાત સિવાય આખાય ગુજરાતમાં બંધાયેલી છે. અહીં (ગુજરાત) થી શીખીને રાજસ્થાન અને છેક દિલ્હી સુધી આ વાવો બનેલી છે. પરંતુ ગુજરાતની વાવોનું સ્થાપત્ય આખી દુનિયામાં આટલા વિકસિત રૂપમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે.''[૩૩] એટલું જ નહિ પણ આ વાવની રચનાનો જનજીવન

પર કેટલો ઊંડો પ્રભાવ છે, તે આપણને ગુજરાત-રાજસ્થાનની વણઝારી વાવ''ને લગતી પ્રચલિત લોક કથાઓની લોકપ્રિયતા પરથી જાણવા મળે છે. વાવ માટે સંસ્કૃતમાં વપરાતા શબ્દ તાપી પરથી દક્ષિણ ગુજરાતના નગરનું, તેમજ ઉત્તર ગુજરાતના મહેસાણા તથા બનાસકાંઠા જીલ્લાના અનુક્રમે વાપી (સં.વાપિકા) અને વાવ નામનાં ગામોના નાભાભિધાન પરથી પણ તેના જનમાનસ પરના પ્રભાવનો ખ્યાલ આવી જાય છે. હવે એક જળાશય કે સ્થાપત્ય કળાનો નમૂનો હોવા ઉપરાંત આ વાવો સ્થાનિક લોકોની ધાર્મિક-સામાજિક માન્યતાઓ પર કેવો પ્રગાઢ પ્રભાવ ધરાવે છે તે જોઈએ, ''આજની તારીખમાં પણ અડાલજની વાવ એક ધાર્મિક સ્થળ સૌ પ્રથમ છે. પટેલ સમાજના લોકો અહીં લગ્ન બાદ તરત જ છેડા છોડવાની વિધિ માટે આવે છે. એજ રીતે ઠાકોર સમાજના લોકો પણ અહીં તેમની વાઘેશ્વરી માતા (અંબાજી)ની આરાધના કરવામાં આવે છે. જે અહીં એક ઝરૂખામાં પ્રસ્થાપિત છે. અડાલજના જુદા જુદા ઝરૂખાઓ તથા દિવાલોમાં દેવી અને માતાજીનાં વિવિધ સ્વરૂપો પ્રસ્થાપિત છે. આમાનાં અમુક તો ઘડા અથવા ત્રિશુળ દ્વારા નિરૂપાયેલ છે. સંતાન પ્રાપ્તિ અને સુખસમૃદ્ધિ માટે વાવની મુલાકાત આવશ્યક હોવાની માન્યતા હાલમાં પણ દઢ છે.''[૩૪] આપણા અમૂલ્ય વારસા સમાન આ વાવોની અવદશા જોઈ વ્યથિત થતા આ લેખકે આગળ સ્પષ્ટ શબ્દોમાં નોંધ્યું છે કે, ''સોળમી સદી બાદ યુરોપિયનોના આવવા સાથે ગુજરાતના વ્યાપાર ઉદ્યોગને ફટકો પડ્યો. ત્યારબાદ મહેમદાવાદના ભમ્મરિયા કૂવાને બાદ કરતા વાવોનું નિર્માણકાર્ય અડાલજ કે પાટણની વાવ કક્ષાનું ક્યારેય ન થઈ શક્યું. કેટલાક કળાવિવેચકોને મતે ગુજરાતનું આ વાવ સ્થાપત્ય એક ક્લાસિકલ સ્થાપત્ય ગણાવું જોઈએ. જોકે તેના તરફ દુનિયા અને ભારતમાંથી વિશેષ ધ્યાન ન ખેંચાયું હોવાનું કારણ 'યુરોસેન્ટ્રિક' (યુરોપિયન દષ્ટિકોણ ધરાવતા) લોકોમાં રહેલ હિંદુ સ્થાપત્ય અંગેની સમજનો અભાવ પણ હોઈ શકે.''[૩૫] સમગ્રપણે જોતા એમ કહી શકાય કે વાવની રચના અને સ્થાપત્ય કલા એ ગુજરાતના જનજીવનો ગૌરવપ્રદ, અવિભાજ્ય અને અવિસ્મરણીય એવો એક અપ્રતિમ કલાવૈભવ છે. જેની જાળવણી કરવાની આપણી સર્વેની ફરજ છે. અત્રે ગુજરાત સરકાર જ્યારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઊજવી રહી છે. ત્યારે આવી જાગૃતિ આપણા સૌમાં કેળવાય એવી અભ્યર્થના.

**ગુજરાતની અન્ય વાવોની જિલ્લાવાર યાદી** (૩૬)
**અમદાવાદ :** ધોળકાની વાદ (ધોળકા), ઉઘરોજની વાવ (ઉઘરોજ), ડઢાણાની વાવ (ડઢાણા), ધંધુકાની વાવ (ધંધુકા).

**ખેડા :** અમૃતવર્ષિણી વાવ (મહેમદાવાદ), ઉમરેઠની વાવ (ઉમરેઠ), બત્રીસ કોઠાની વાવ (કપડવંજ), વણઝારી વાવ અને સોનેરી વાવ (બાલાસિનોર), ખારીવાવ (રાજપુર), વડથલની વાવ, (કઠલાલ), શિહલોડી વાવ (વસો).

**જામનગર :** સમણા ગામની વાવ (સમણા)

**જૂનાગઢ :** અડીચડી વાવ અને ગોધા વાવ ( જૂનાગઢ), સોઢણી વાવ (માંગરોળ), ખેંગાર વાવ (શાહપુર)

**પાટણ :** ખારી વાવ અને ત્રિકમ બારોટની વાવ (પાટણ).

**બનાસકાંઠા :** મીઠી વાવ (પાલનપુર), રોહોની વાવ (રાહો-પાલનપુર)

**ભાવનગર :** હાથબની વાવ (હાથબ), સુદા વાવ (મહુવા), કામનાથની વાવ (ઘોઘા), દાતારની વાવ (અવાડિયા), આણંદ વાવ (ગોપનાથ)

**મહેસાણા :** વાલમની વાવ (વાલમ), છત્રાલની વાવ (છત્રાલ, મોઢેરાની વાવ (મોઢેરા), માલા ભગતની વાવ (કડી).

**સાબરકાંઠા :** આંકોલની વાવ (દાવડ), હાથરોલની વાવ (હાથરોલ), ખેડબ્રહ્માની વાવ પરોયાની વાવ અને અદિત વાવ (ખેડબ્રહ્મા), મોડાસાની વાવ

(મોડાસા), બાયડની વાવ (બાયડ), શામળાજીની વાવ (શામળાજી)

**સુરેન્દ્રનગર :** ખેરાળીની વાવ (ખેરાળી), ધાંધલપુરની વાવ (સેજકપુર), ઝીંઝુવાડાની વાવ (ઝીંઝુવાડા), માત્રી વાવ, (ધાંગધ્રા), સાયલાની વાવ (સાયલા).

**વડોદરા :** વરણાગામની વાવ (વરણા), નવલખી વાવ (વડોદરા).

**પાદનોંધ :**


૧. દેસાઈ હેમાંગ, ગુજરાતનું સ્થાપત્ય ભાગ-૧ દ્વિ.ભા.- અમદાવાદ-૧૯ ફેબ્રુ. ૨૦૦૬ પૃ.૪
૨. Burgess J & Cousens H 'The Architectural Antiquities of North Gujarat', London, 1930, P. 162
૩. દેસાઈ શંભુપ્રસાદ સૌરાષ્ટ્રનો ઈતિ.' જૂનાગઢ, ૧૯૬૮ પૃ. ૨૬૧
૪. જોટે રત્નમણીરાવ ભીમરાવ, 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' ભાગ-૧, અમદાવાદ-૧૯૪૫-પૃ-૧૧૯
૫. બ્રહ્મભટ્ટ સુભાષ, આચાર્ય, એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદા.) રૂબરૂ મુલાકાત.
૬. ડૉ.શાસ્ત્રી એચ.જી. અને પરીખ આર.સી. ગુજરાતનો રાજ. સાંસ્કૃતિક ઈતિ. ભાગ-૪, અમદાવાદ-૧૯૭૬ પૃ. ૪૨૨-૨૩
૭. એજન પૃ. ૪૨૨-૨૩
૮. એજન પૃ. ૪૨૨
૯. એજન પૃ. ૪૨૪
૧૦. જોટે ર.ભી. પૂર્વોક્ત. ૧૧૯
૧૧. ડૉ. સાવલિયા રામભાઈ ઠા., 'ગુજરાતનું બેનમુન સ્થાપત્ય-રાણીવાવ', શોધપત્ર, અમદા-પૃ.૧
૧૨. એજન પૃ. ૨
૧૩. શાસ્ત્રી એચ.જી. પૂર્વોક્ત, પૃ. ૪૨૪.
૧૪. ડૉ.સાવલીયા રા., પૂર્વોક્ત પૃ.૩
૧૫. દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ, કડી પ્રાંત સર્વસંગ્રહ, વડોદરા. ૧૯૨૧ પૃ-૪૩૫
૧૬. શાસ્ત્રી દુર્ગાશંકર કે, 'ઐતિહાસિક સંશોધન', અમદાવાદ ૧૯૭૭, પૃ. ૪૪૪
૧૭. ડૉ. ગોદાની એચ. આર., સાબરકાંઠાનાં શિલ્પ-સ્થાપત્યો', ૧૯૮૦ પૃ. ૨૨૧
૧૮. ડૉ. શાસ્ત્રી એચ. જી. 'ગુજ.ની પ્રાચીન વાવો', 'ગુજરાત' દીપોત્સવી અંક, ગાંધીનગર, સં. ૨૦૨૦ પૃ.૧૭.
૧૯. આચાર્ય નવીનચંદ્ર, 'ગુજ.નો સોલંકીકાલીન ઈતિહાસ', અમદાવાદ ૧૯૭૩ પૃ. ૪૪૪
૨૦. આચાર્ય ગિ.વ.'ગુજ.ના ઐતિ. લેખો' ભાગ ૩, મુંબઈ ૧૯૪૨ પૃ. ૨૫૪
૨૧. Dr.Sankaliya H., 'Archaeology of Guj.' Bombay 1941 pp - 71-72
૨૨. ડૉ.શાસ્ત્રી એચ. જી. અને પરીખ આર.સી, પૂર્વોક્ત પૃ.૪૨૫
૨૩. ડૉ.શાસ્ત્રી એચ. જી. અને પરીખ આર.સી., ગુજ.નો રા. અને સાં.ઇતિ.' ગ્રંથ-૫ ૧૯૭૭ પૃ.૪૨૩
૨૪. જોટે.ર.ભી. 'ગુજ.નું પાટનગર અમદાવાદ', અમદા. ૧૯૨૯. પૃ.૬૧૭.
૨૫. ડૉ. શાસ્ત્રી એચ. જી. પૂર્વોક્ત ગ્રંથ પૃ.૪૨૧-૪૨૨.
૨૬. દેસાઈ હેમાંગ, પૂર્વોક્ત, પૃ-૪.
૨૭. જોટે. પૂર્વોક્ત પૃ.૬૨૦-૨૧.
૨૮. ડૉ. બારોટ કે. સી., કલોલ ઐતિ. પરિપ્રેક્ષ્યમાં', અમદાવાદ ૧૯૯૭ પૃ. ૯૩
૨૯. ડૉ. શાસ્ત્રી એચ. જી. પૂર્વોક્ત પૃ. ૪૨૪
૩૦. ડૉ. શેલત ભારતી, પ્રમુખનું પ્રવચન, ગુજ.ઇતિ. પરિષદ, ૨૧ મું. અધિ.કોટા. (રાજસ્થાન)
૩૧. જોટે. ર.જી., પૂર્વોક્ત ૬૧૮
૩૨. ડૉ. શાસ્ત્રી એચ. જી. પૂર્વોક્ત પૃ. ૪૨૩
૩૩. દેસાઈ હેમાંગ, પૂર્વોક્ત.
૩૪. એજન.
૩૫. એજન.
૩૬. પ્રો.પરમાર એમ. જે. 'તેનો સાં. ઐતિ. વારસો', ભાવનગર, ૨૦૦૦ પૃ.૪૧-૫૯


---


પૂર્વ અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ,
એલ.ડી.આર્ટ્સ કૉલેજ, અમદાવાદ





ISSN 0976-9609

## ।। ચિંતન કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"Tomorrow and tomorrow and tomorrow,
Creeps in this petty pace from day to day,
To the last syllable of recorded time;
And all our yesterdays have lighted fools,
The way to dusty death. Out, out brief candles !
Life is but a walking shadow, a poor player
That struts and frets his hour upon the stage,
And then is heard no more. It is a tale,
Told by an idiot, full of sound and fury,
Signifying nothing."
(William Shaskespeare's Macbeth
Act:V Scene:V)

વિલિયમ શેક્સપિયરની ચાર વિશ્વ વિખ્યાત કરુણાંતિકાઓમાંની એક કરુણાંતિકા છે. મેકબીથ. ઉપરોકત પંક્તિઓ મેકબીથનાં પાંચમાં અંકના પાંચમાં દ્રશ્યમાં નાટકના નાયક મેકબીથ દ્વારા બોલાયેલ એકોક્તિનાં એક ભાગ રૂપે જોવા મળે છે. પ્રસ્તુત કરુણાંતિકામાં જ્યારે માનવી અસિમિત રાજકીય મહત્ત્વકાંક્ષાનાં સ્વપ્નો સેવતો હોય ત્યારે કેવા કેવા પાશવી કૃત્યો કરતો હોય છે. તેનો નગ્ન ચિતાર જોવા મળે છે. મેકબીથ આમ તો રાજા ડંકનનો અતિ વિશ્વાસુ યોદ્ધો અને મુત્સદ્દી છે. પરંતુ ત્રણ ડાકણે કરેલી ભવિષ્યવાણી કે મેકબીથ સ્કોટલેન્ડનો રાજા બનશે મેકબીથનો જીવનપથ સંપૂર્ણતઃ બદલી નાખે છે. ગઈ કાલનો વિશ્વાસુ સાથી ભવિષ્યવાણી સાંભળ્યા પછી ડંકનની હત્યા કરીને રાજા કઈ રીતે બની જવું તેના પ્રપંચ રચવામાં પડી જાય છે. તેની પત્ની લેડી મેકબીથ પતિની અસહજ મહત્વકાંક્ષાઓમાં બળતામાં ઘી હોમવાનું કાર્ય કરે છે. મેકબીથને હિંસક અને ઘાતકી કૃત્યો તરફ દોરી જવામાં તેની પત્નિ લેડી મેકબીથનો મોટો ફાળો છે.

પોતાની બેકાબુ મહત્ત્વકાંક્ષાઓને પાર પાડવા તે એક પછી એક હત્યા કરીને રાજા બનવાનું સ્વપ્ન સિદ્ધ તો કરે છે પણ તેમ કરવામાં તે પોતાના અંતઃકરણની પણ ક્રૂર હત્યા કરે છે. રાજા ડંકન, તેના બે અંગ રક્ષકોની હત્યા તે પોતે કરે છે અને અન્ય કેટલાક વ્યક્તિઓની હત્યા તે ભાડૂતી હત્યારાઓ દ્વારા કરાવે છે. મેકબીથ પોતાનો ધ્યેય તો સિદ્ધ કરી લેવામાં સફળ રહે છે. પરંતુ ત્યારબાદ અપરાધ બોધની ભાવનાને કારણે તે સહજ જીવન જીવી શકતો નથી. તેવી જ દશા તેની પત્નિ લેડી મેકબીથની પણ થાય છે. જે પોતાના પતિને રાજા બનવા માટેની ઉશ્કેરણી કરવાની એક પણ તક ગુમાવતી નહીં. લેડી મેકબીથ અતિશય અપરાધ બોધની ભાવનાથી પીડાઈને જ્યારે મૃત્યુને ભેટે છે. ત્યારે મેકબીથ ઉપરોક્ત પંક્તિઓ બોલે છે.

મેકબીથ દ્વારા એકોક્તિ સ્વરૂપે બોલાયેલ પ્રસ્તુત પંક્તિઓ એ દર્શાવે છે કે મેકબીથને જીવનનાં અંતિમ સત્યનું ભાન થઈ ચૂક્યું છે. માનવી ભલે ગમે તેમ કરીને ગમે તે પદ અથવા હોદ્દો હાંસલ કરી લે પણ એક પછી એક દિવસ તેના જીવનમાંથી સરકતા જાય છે. અને તેને પોતાના જીવનની નિયત થયેલ અંતિમ ક્ષણ સમક્ષ લાવીને મૂકે છે. જીવનનાં પરમ સત્યનો તેને અહેસાસ થાય છે. કે જીવન માત્ર એક પડછાયો છે જેને કોઈ પકડી શકતું નથી. એ માનવી જો પોતાની ગઈકાલ-ભૂતકાળ તરફ નજર કરશે તો તેને સમજાશે કે તેણે માત્ર મુર્ખામીસભર જીવન જ જીવ્યુ છે. પોતાના ક્ષણભંગુર જીવનકાળ દરમ્યાન કોઈની સામે અહંકાર કરવો, કોઈને દબડાવવા કોઈની સમક્ષ જી હજૂરી કરવી - આ જ રીતે. જીવન જીવ્યો છે અને જ્યારે આ સત્યનું ભાન થાય ત્યારે જીવનનો પડદો પડી જવાની ક્ષણ આવી ચુકી હોય છે. મેકબીથને અંતે એ જ્ઞાન થઈ ગયું છે કે મનુષ્યનું જીવન કોઈ મુર્ખાએ લખેલી વાર્તા જેવું હોય છે. જેમાં અહંકાર અને બડાઈ સ્વરૂપે ઘોંઘાટ તો અતિશય હોય છે. પણ તેનો કોઈ અર્થ હોતો નથી.

પ્રસ્તુત પંક્તિઓ દ્વારા નાટ્યકાર વિલિયમ શેક્સપિયર જીવનનાં અંતિમ સત્યને ઉજાગર કરે છે કે માનવીની તમામ ભૌતિક સિદ્ધિઓ વાસ્તવમાં સિદ્ધિઓ નથી હોતી કારણ કે આવી સિદ્ધિઓ તેને પોતાના નૈતિક અધઃપતન તરફ દોરી જાય છે અને અંતે વિનાશને નોતરે છે.

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

## ।। ગ્રંથાવલોકન ।।

## નવી વિષયની નવતર કથા 'સરોગેટ'

**સંકલન : સ્વાતિબિંદુ મહેતા (લેખક : રાઘવજી માધડ)**

ગુજરાતી કથા-સાહિત્યમાં ટૂંકી વાર્તા અને નવલકથા સૌથી વધારે વંચાતું એવું લોકભોગ્ય સાહિત્ય સ્વરૂપ છે. તેમાં નવલકથા એક એવું સાહિત્ય સ્વરૂપ છે જે જીવતા જીવનની વધુ નજીક રહ્યું છે. તેથી ભાવકને પોતાની જાત સાથે કનેક્ટ કરે છે.

વાર્તા એ દ્રષ્ટિ છે તો નવલકથા એ સૃષ્ટિ છે. સંસારચિત્ર છે.

સાહિત્યમાં નવલકથાનું એક કાર્ય આનંદ આપવાનું છે. સાથે સમાજ જીવનનું ચિત્ર રજૂ કરવાનું અથવા દિશા-દર્શન કરાવવાનું પણ છે. સમયની સાથે બદલાતા જતા સમાજની તાસીર અને તસવીર કથામાં ઝીલાતી હોય છે. સમાજના તત્કાલિન ચિત્ર સમેત સાહિત્યકાર કલ્પનાના નવોન્મેષ રંગો દ્વારા નવદષ્ટિનું પણ ઉમેરણ કરતો હોય છે.

સર્જાતા સાહિત્યમાં, સાહિત્યકારોએ સામાજિક સમસ્યાઓ અને પરિવર્તનોને વિવિધ નવલકથાઓમાં પ્રતિબિંબિત કર્યા છે. તેના એક કરતા અનેક ઉદાહરણ સાહિત્યમાં મળે છે.

આ આધુનિક સમયની અનેકવિધ સમસ્યાઓ પૈકી કૂખ ભાડે રાખી માતૃત્વ ધારણ કરવાનું વરદાન એ બીજી તરફ સર્જાતી સંવેદનશીલ સમસ્યા ગુજરાતી સાહિત્યમાં લગભગ નહિવત્ ઝીલાઈ છે. વિશ્વ સાહિત્ય-માં પણ ઓછી કથાઓ મળે છે. ત્યારે આ વણસ્પર્શ વિષયની એક ચિત્કાર કથા 'સરોગેટ' મળે છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વાર્તાકાર, નવલ કથાકાર અને લોકસાહિત્યકાર તરીકે જાણીતા સર્જક રાઘવજી માધડની 'સરોગેટ' નવલકથા માતૃત્વ અને એની સાથે સ્ત્રીના આંતરમનની વાત લઈને આવે છે. અત્રે નોંધવું ગમશે કે યુ.એસ.થી પ્રકાશિત 'ગુજરાત ટાઈમ્સ' માં આ નવલકથા આજથી એકાદ દાયકા પૂર્વે પ્રકાશિત થઈ હતી. ત્યારે વિષયના લીધે ચર્ચાસ્પદ રહી હતી.

માતા બનવું એ પ્રત્યેક સ્ત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે. એ ન્યાયે કુદરતી રીતે સ્ત્રી માતા બનવા સક્ષમ હોય અથવા ન પણ હોય. તેમજ કોઈ સામાજિક વિટંબણાઓને કારણે પણ સ્ત્રી નીજી માતૃત્વ ધારણ ન કરી શકે. આવા સંજોગોમાં એક સ્ત્રી અન્ય કોઈ સ્ત્રીની કૂખ ભાડે રાખીને સંતાન પ્રાપ્ત કરી શકે... એવા સાંપ્રત સમયની નવજાત વિષયવસ્તુ આ નવલકથામાં છે.

એકવીસમી સદીમાં અન્ય સ્ત્રીની કૂખ ભાડે લઈ માતા થવું, બનવું એ વાત લાગણી અને ભાવાત્મક રીતે કેવા વમળ ઊભા કરે છે. એની વાત આ કથામાં સુપેરે નિરુપાય છે. પશ્ચિમી સાહિત્યમાં આ વિષયને લઈને નવલકથાઓ લખાય છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં શ્રી માધડની આ નવલકથા એનાં વિષય વસ્તુને કારણે વિશેષ ધ્યાન ખેંચનારી રહી છે. આજે જ્યારે તબીબી વિજ્ઞાન અને ડિજિટલ યુગથી દુનિયા નવપરિવર્તન પામી રહી છે. ત્યારે માનવીની મૂળભૂત સંવેદનાઓ એકલતા, માતૃત્વ, કુટુંબની ઝંખના જેવા અનેક સંવેદનો સ્ત્રીની નજરે આ નવલ કથામાં વ્યક્ત થાય છે. જેનો લોકાલ ગાંધીનગર છે. આ ચહેરા વગરનું નગર કથાઓમાં પણ બહુ ઓછું ઝીલાયું છે. પોતીકી ઓળખ વગરનું, વસેલું ને વસાવેલું નગર છે. સરકારી કચેરીઓ અને સરકારી માણસો જ વસે છે. અને લોકો પણ સરકારી કામ સબબ જ આવે છે !

આ નગરમાં વસતો, સરકારી નોકરી કરતો કથાનાયક પ્રકાશ એની પરણિત સહકર્મી સ્ત્રી શોભના

 ISSN 0976-9609

અને પરદેશથી અચાનક આવી ચડેલી કોલેજ સમયની પ્રેમિકા કહો કે સખી અંજુની સાથે સંબંધોની ગૂંચની કથાની સાથે સરોગેટ મધરની સંવેદના આ કથામાં સુપેરે વણાયેલી છે.

અંજુ આમ તો વર્ષો પહેલા દેશ છોડી પરદેશ જઈ વસી છે. વિદ્યાર્થીકાળ પૂરો થતાં પ્રકાશ અને અંજુના મૈત્રીને પ્રેમપૂર્ણ સંબંધો પણ ધીમેધીમે કાળ પસાર થતાં ધરબાઈ જાય છે, પણ અંજુના પરદેશ જીવનથી અને એની સાંસારિક ઉથલપાથલથી અજાણ એવો કથાનાયક સરકારી નોકરી કરતો એકલો રહી, લગ્ન કરી ઠરી ઠામ થવાના સપના જોતો હોય છે. શોભનાનાં મૈત્રીપૂર્ણ સંબંધોની હૂંફથી એનાં સ્મરણમાં આનંદ લેતો હોય છે. સચિવાલયમાં પોતાની સામેના ટેબલ પર બેસતી શોભના સાથે બપોરની રીસેસમાં જમવું, તેને સાંજે બસ સ્ટેન્ડ પર મૂકવા જવું... એ નિત્યક્રમ એની સહકર્મીઓની નજરમાં પણ છે. અને સામાન્ય પણ છે. ગાંધીનગર સચિવાલય, રસ્તાઓ, બસ, કેન્ટીન, મોટરબાઈક, રીક્ષાઓ અને રિસેસના માહોલની સાથે શોભના અને પ્રકાશનો સંબંધ ચાલે છે. સમગ્ર નવલકથામાં ત્રણ પાત્ર મુખ્ય છે. બીજા અન્ય પાત્રોમાં દયા અને અરવિંદ છે. શોભના, અંજુ અને પ્રકાશના મનોસંચાલનો લાઘવથી ચિત્રિત થયા છે. કથાના અન્ય પાત્રોમાં શોભનાની બહેનપણી વંદના, અંજુના માતા-પિતા અને ભાઈઓની વાત છે. જેમાં કથાની મધ્યમાં કૂખ ભાડે આપનાર કપલ અરવિંદ અને દયા અને એમની ભાવનાઓ સર્જકે બખૂબી સાથે સુપેરે વ્યક્ત કરી છે. એનઆરઆઈ અંજુના આકસ્મિક આગમન અને તે પણ પોતાના મિત્ર પ્રકાશની મદદથી દત્તક બાળક લેવા ભારત આવેલી અંજુ પરદેશમાં રહેતી ભારતીય સ્ત્રીનું પ્રતીક છે. તેમાં ટેમ્પરરી હસબન્ડથી સરોગસીની ગણતરીની આખી વાત આવે છે. પ્રકાશ અંજુની માયાજાળમાં લપેટાઈ જાય છે. પ્રકાશની દુનિયાની નાવ હાલકડોલક થઈ જાય છે. પરિસ્થિતિ એ હદે વણસે છે કે શોભના અને પ્રકાશનો ભાવનાત્મક સંબંધ પણ નષ્ટ થઈ જાય છે. પ્રકાશના અંજુ સાથેના વધતા જતા સંબંધો માટે બે-ત્રણ વાર શોભના ચેતવે છે. છેલ્લે પોતાની સલામતી નથી અને પોતાનું મહત્વ નથી રહ્યું... એટલે ઈર્ષ્યાથી શોભના અન્ય સ્થળે પોતાની બદલી કરાવી જાય છે.

જીવનમાં પોતાની એકલતા દૂર કરવા દત્તક બાળક લેવા દેશમાં આવેલી અંજુના મનમાં સરોગસીનું વિચારબીજ પ્રકાશ જ મૂકે છે. એની સાથે આધુનિક તબીબી વિજ્ઞાને જે હરણફાળ ભરી છે.. જેમાં મન ચાહે તેવું બાળક લેબોરેટરીમાં સ્પર્મ બેંકથી કે ટેસ્ટ ટ્યુબ બેબીથી કેવી રીતે જન્મી શકે છે એ આધુનિક તબીબી સમસ્યાઓના પ્રશ્નોની વાત પણ વિસ્તૃતરૂપે રાઘવજી માધડ ચર્ચે છે.

ન્યુઝ પેપરમાં જાહેરતથી માંડીને કૂખ ભાડે આપનાર દંપત્તિ સાથે ભાવતાલ અને લેવડ દેવડ સુધીની પ્રકાશ અંજુની સાથે રહે છે. સામે પોતાની ગરીબાઈ અને મજબૂરીને કારણે કૂખ ભાડે આપનાર સ્ત્રીના મોંએ અનેક સામાજિક અને કૌટુંબિક પ્રશ્નો લેખક મૂકે છે. તે સામાજિક સંવેદન અને પ્રતિબદ્ધતાને ઘોષિત કરે છે.

અંજુના વિચારો અને મનોસંચાલનોમાં પેલી અજાણી સ્ત્રીની સંવેદનશીલતા અને ઘવાતી લાગણીઓને વાચા આપે છે. જે આ બે સ્ત્રીઓ માત્ર નજરના અને ચહેરાના હાવભાવથી લેખકે વ્યક્ત કરી છે. દાખલા તરીકે એક વર્ણન જોઈએઃ દયા બરાબર સામે જ ઉભી હતી. બંનેની નજર સામસામે ટકરાઈ, અથડાઈને તેમાંથી તણખા ઝરી રહ્યા હતા. એક તણખો જાણે-અજાણે અંજુના પર પડ્યો. અંજુ કશું વિચારતી રહી અને તૂટેલા કાચ જેવી જથ્થાબંધ ક્ષણો ક્યાં સુધી વેરવિખેર પડી રહી. તો જે દંપતી કૂખ ભાડે આપવા

તૈયાર થાય છે તેમાં પતિ અરવિંદ જ આગળ છે. પત્ની દયાની સહમતીનું વિચારતો નથી. અંજુ માટે બાળક લાવવાની વાત કરે છે. તે અરવિંદભાઈ અને દયાના ઘરમાં થતી ચર્ચા અને વચ્ચેના સંવાદમાં દયાના મનમાં સૂક્ષ્મભાવો પ્રગટ થાય છે. દયાનો દેખાવ રૂપ, રંગ પ્રમાણે અને તંદુરસ્તી પ્રમાણે પતિ ભાવતાલ નક્કી કરવાનો છે એ વાતથી મનમાં ને મનમાં આક્રોશ અને ફિટકાર એને પોતાના પતિ પ્રત્યે પતિવ્રતા સ્ત્રીની નારાજગી સુપેરે વ્યક્ત કરી છે. સર્જકનો પરકાયા પ્રવેશનો ઉત્તમ નમૂનો મળે છે. પુરુષ એક પતિ તરીકે કેટલો સંજોગોને આધીન અને કેવી રીતે ગણતરીબાજ છે.... એ અરવિંદના પાત્રમાં રજૂ થાય છે. પત્ની દયા ટૂંકમાં પણ સચોટપણે કહે છે : 'તમારે જે કરવું હોય તે કરો પણ હું મારું આયખું અભડાવીશ નહીં !'

એક પતિ-પત્નીની કૂખ ભાડે આપવા ભાવ-તાલ કરવાની કેવી આવડત ધરાવે છે. તે જોઈ પત્નીને એક ક્ષણ એના માટે નફરત થઈ જાય છે. અને એના માટે સોદો, પેકેજ જેવા શબ્દપ્રયોગો કરી લેખકે માણસની, પતિની સંવેદનશીલતા ઉપર બરાબરના પ્રહાર કર્યા છે. એક પુરુષની, પતિ-પત્નીના સંબંધો ઉપર અને સ્વાર્થી વર્તણુંક ઉપર પણ પ્રશ્નાર્થ કર્યો છે.

બાળકના જન્મ પછી એ બાળક ક્યાં ગયું... એવો સવાલ કુટુંબીઓ કરશે ત્યારે શું જવાબ આપવો ? આવો ધારદાર સવાલ પત્ની કરે છે. શહેરની ચાલી જેવી સામાન્ય માણસની વસ્તીમાં બે સ્ત્રીઓ અને બે પુરુષોની નજરોનું મિલન અને સંવાદમાં લેખકની લેખનશૈલીની કુનેહ તો સ્પષ્ટ થાય જ છે. પણ સાથે આધુનિક સમાજની સમસ્યાઓ પ્રત્યે લેખકની નિસ્બત પણ સ્પષ્ટ થાય છે.

માતાની કૂખનો કોઈ ભાવ હોય શકે ? પ્રસવની પીડા તો જે ભોગવે તેને જ ખબર પડે... અને પોતાની કૂખે જન્મેલ બાળક અન્યને આપી દેવાનું કોઈ માતાને પાલવે ? એનાં માતૃત્વનું શું ? આવા પ્રશ્નોની ચર્ચા પણ સુનિયોજિતપણે થઈ છે. આજકાલ શરીરના અંગો વેચી આર્થિક સંકટ દૂર કરતા મજબૂર લોકો જેવી આ વાત છે.... માતાની કૂખ આર્થિક ઉપાર્જન માટે હોઈ શકે ? આવા સવાલોના જવાબ જડવા મુશ્કેલ છે.... જેનું લેખકે ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.

ભારતીય સમાજ અને ભારતની પરદેશ જઈ પશ્ચિમમાં જઈ વસતાં લોકો, તેમનાં બાળકને અહીં હોસ્ટેલમાં ભણાવવાને બહાને મૂકી જતાં અથવા દાદા-દાદી ને ત્યાં લઈ જતાં પાસે એનઆરઆઈની માનસિકતાની ધોરી નસ લેખકે બરાબર પકડી છે. પૈસાના જોરે ભારતમાં બધું જ ખરીદી શકાય છે... એવા ફાંકામાં જીવતા એનઆરઆઈ પર, એના દંભ પર અને એમની સ્વાર્થવૃત્તિ પરની ચર્ચાને સાહિત્યની એરણ પર ચઢાવી છે.

ગુજરાતી નવલકથા અને નવલકથા ક્ષેત્રે આ વિષય પર ખાસ કશું લખાયું નથી. એકવીસમી સદીમાં સાહિત્યમાં સરોગસી મધરહૂડ ઉપરના વિષય-વસ્તુ ઉપર નવલકથાઓ લખાય છે. વાર્તાઓ પણ લખાય છે. પણ ગુજરાતી સાહિત્યમાં આ હજી ચર્ચાનો વિષય છે.

ગાંધીનગરના સચિવાલયમાં જ્યાં સરકારી નોકરી અર્થે આવેલા દેશભરના લોકોની પચરંગીતા, રહેણીકરણી, ગુજરાતીપણું જળવાઈ રહે એવી ભાષા, શહેરી રંગથી રંગાયેલા લોકોની ભાષા આ પાત્રો બોલે છે. લેખક જે પ્રકારનું લોકાલ તે પ્રકારની ભાષા પ્રયોજી છે. સામાન્ય બોલચાલમાં વપરાતા અંગ્રેજી શબ્દનો ઉપયોગ છૂટથી કર્યો છે. ગુડમોર્નિંગ, ગુડનાઈટ કોલબેક, મોબાઈલની રીંગ, મેરેજ, ડ્યુટી...જેવા શબ્દો હવે સાવ સામાન્ય થઈ ગયા છે. તો કેટલાક


ISSN 0976-9609

ભારઝલ્લા, માહોલ ડૂસડૂસ ખાઈ, સુપડાધાર...નો ઉપયોગ થયો છે.

શહેરમાં આધુનિક પરિવેશમાં સર્જાયેલી આ નવલકથા આધુનિક સમયના આધુનિક માનવની અત્યંત પ્રેક્ટીકલ એપ્રોચની ધીમેધીમે અસંવેદનશીલ થઈ જતા સ્ત્રી-પુરુષની નોકરીમાં ગળાડૂબ રહેતા અને તેની સાથે સાથે ભાવનાત્મક સંબંધમાં જીવતા શોભના અને પ્રકાશની વાત પણ લેખકે સુપેરે વણી લીધી છે. તો બીજી બાજુ વંદનાની સાસુ જે મોટી ઉંમરના હોવાં છતાં પણ વંદનાની સખી અંજુની વેદના સમજી શકે છે. એ પણ સ્ત્રીના મનની જ વાત છે. પતિની સાથે મન અને હૃદયની સૂક્ષ્મભાવના નવતર ચઢાવ અને સામાજિક વિષમતાને અપરિણત સ્ત્રીની એકલતા અભિવ્યક્ત કરતી આ નવલકથા સૌને ગમશે અને નવલકથાકાર રાઘવજી માધડ નીત નવીન વિષયોની કથાવસ્તુ લઈને આપણા સાહિત્યને વધુ.... ઉજાગર કરે એવી શુભેચ્છાઓ..

(પ્રકાશક : આર. આર. શેઠ કું. રોયલ એપાર્ટમેન્ટ, ખાનપુર, અમદાવાદ.)

૧/૮૫૨૫ ધાતીગરા સ્ટ્રીટ, નાનપુરા,
સુરત-૩૯૫૦૦૧ (મો) ૯૮૯૮૦૨૦૦૮૨

## ॥ વિદ્યાવૃત્ત ॥

## આઈસ્ટાર કોલેજમાં ૧૯૪ વિદ્યાર્થીઓને ૯૨ કંપનીઓમાં પ્લેસમેન્ટ

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર ખાતે એપ્રિલ ૨૦૨૬ સુધીમાં વિવિધ ઔદ્યોગિક એકમો જેવા કે યુનાઇટેડ ફોસ્ફોરસ, કેમિકો વિસ્ટા, આરબીએસે એડ્‌વાઇઝર્સ, કૃભકો, નેરોલેક પેન્ટ્સ, ક્વોન્ટમ એશિયા, ફુલરટન ઇન્ડિયા, પિરામલ એન્ટરપ્રાઇઝ, એડમાર્ક પોલીકોટ્સ અને ફાર્મસન ફાર્મામાં વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળ્યું હતું. આ અંતર્ગત પ્લેસમેન્ટમાં રસ ધરાવતા વિદ્યાર્થી- ઓને વાર્ષિક ધોરણે સરેરાશ રૂ.૨.૪૦ લાખથી રૂ. ૫.૪૦ લાખ સુધીનું પેકેજ ઓફર કરવામાં આવ્યું હતું. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજના જણાવ્યા મુજબ આઈસ્ટાર સંસ્થા જીએસઆઈ આરએફ રેટિંગમાં છેલ્લાં ચાર વર્ષથી ગુજરાત રાજ્યની સમગ્ર કોલેજો પૈકી ફાઈવ સ્ટાર સિદ્ધિ સાથે પ્રથમ તેમજ માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા આયોજિત નેશનલ રેન્કિંગ પ્રક્રિયામાં પણ ભારતની તમામ કોલેજો પૈકી પ્રથમ ૩૦૦ સંસ્થાઓમાં અગ્રેસર રહીને સ્થાન મેળવેલ છે. આ ગૌરવભરી સિદ્ધિ સંસ્થાની ગુણવત્તાને પ્રમાણિત કરે છે. શૈક્ષણિક વર્ષ દરમ્યાન પ્લેસમેન્ટ પોર્ટફોલિયો અંતર્ગત વિવિધ ઔદ્યોગિક એકમોને અનુરૂપ એવાં કૌશલ્યસભર કર્મચારીઓ તૈયાર કરવા માટે આઈસ્ટારના દરેક વિભાગો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓને ઇન્ડસ્ટ્રીને અનુરૂપ ઇન્ટરવ્યૂ સ્કિલ, એમ્પ્લોયીબીલીટી સ્કિલ, સ્કિલ ડેવલપમેન્ટ, એપ્ટિટ્યુડ ટેસ્ટ તેમજ ગ્રુપ ડિસ્કશનની સંસ્થાના અધ્યાપકો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ સાથે આઈસ્ટાર સંસ્થા ખાતે વર્તમાન વર્ષે પ્લેસમેન્ટને પ્રાધાન્ય આપનાર વિદ્યાર્થીઓ પૈકી લગભગ ૮૫ ટકા છાત્રો પ્લેસમેન્ટ મેળવી ચૂક્યા છે. સંસ્થાની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ અને કોલેજ સંયોજક ડૉ. જીગર પટેલે વિભાગીય વડાઓ તેમજ ઈન્ડસ્ટ્રીઝમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.


**આઈસ્ટારના બાયોટેક્નોલોજી પ્રોગ્રામ દ્વારા હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન** :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટારના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ૩૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ "*C. elegans* Life Cycle, Synch ronization, and Applications" વિષય પર એક દ્વિવસીય હેન્ડ્સ-ઓન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ અને સંશોધકોને મોડેલ ઓર્ગેનિઝમ Caenorhabditis elegans વિષે પ્રાયોગિક જ્ઞાન આપવાનો હતો. આ વર્કશોપમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમ્યાન તેના જીવનચક્ર, સિંક્રોનાઇઝેશન પદ્ધતિઓ અને વિવિધ બાયોટેક્નોલોજીકલ એપ્લિકેશન્સ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. "Learning by Doing" અભિગમ હેઠળ ભાગ લેનારાઓને *C.elegans*ની હેન્ડલિંગ પ્રોસિજર, કલ્ચર ટેકિન્ક્સ અને માઇક્રોસ્કોપી સંબંધિત પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. *C.elegans*ના ઉપયોગો જેમકે જિનેટિક્સ, ડેવલપ મેન્ટલ બાયોલોજી, ન્યુરોબાયોલોજી અને ડ્રગ ડિસ્કવરી ક્ષેત્રોમાં તેની મહત્વતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ વર્કશોપ અનુભવી નિષ્ણાતો અને ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. વર્કશોપમાં ભાગ લેનારાઓએ સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો અને તેમના સંશોધન કૌશલ્યોમાં વૃદ્ધિ માટે આ કાર્યક્રમને ઉપયોગી ગણાવ્યો હતો. આ વર્કશોપનું આયોજન બાયોટેક્નોલોજી વિભાગના પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. નિશા દક્ષિણી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ તેમજ કોલેજ સંયોજક ડો. જીગર પટેલનો મહત્વપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો હતો. વર્કશોપની સફળ પૂર્ણતા બાદ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**ભૂલ સુધાર**

(વિ.વિદ્યાનગર અંક-૫ સળંગ અંક-૬૫૫ માં પાના નં. ૭ પર છપાયેલ કાવ્ય પર્ણોને પુષ્પોનું ગીત છું. ની છઠ્ઠી પંક્તિમાં **ભછીજંતુ ભીંજ ભીજંતુ** તેની જગ્યાએ ભીંજ ભીંજ ભીંજંતું તેવું વાંચવું.)

મુદ્રણદોષ બદલ ક્ષમા યાચના





 ISSN 0976-9609

# Charutar Vidya Mandal - Vallabh Vidyanagar

## Secondary & Higher Secondary Schools Board Exam Result : (March 2026 Result)


| Sr. No. | Name of School | Appeared in Exam | Pass | Fail | Grade | | | | | | | | Ab | Total Pass | School Result % | Board Result % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | E | | | | |
| | **Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | I.B.Patel English School (SF) | 143 | 143 | 0 | 19 | 51 | 32 | 29 | 11 | 1 | 0 | 0 | 0 | 143 | 100.00 | 83.86 |
| 2. | V & C Patel English School | 118 | 115 | 3 | | | | | | | | | 0 | 115 | 97.46 | 93.70 |
| 3. | I.B.Patel English School (GIA) | 190 | 177 | 13 | 16 | 38 | 38 | 52 | 29 | 4 | 0 | 13 | 0 | 177 | 93.16 | 83.86 |
| 4. | M. S. Mistry High School | 34 | 31 | 0 | 4 | 9 | 3 | 6 | 9 | 0 | 0 | 3 | 0 | 31 | 91.18 | 83.86 |
| 5. | G. J. Sharda Mandir | 240 | 213 | 27 | 13 | 23 | 38 | 43 | 72 | 23 | 1 | 0 | 0 | 213 | 88.75 | 83.86 |
| 6. | S. D. Desai High School | 72 | 50 | 22 | 0 | 2 | 5 | 12 | 23 | 7 | 1 | 0 | 0 | 50 | 69.44 | 83.86 |
| 7. | M. U. Patel Technical | 158 | 100 | 58 | 0 | 6 | 11 | 22 | 25 | 30 | 6 | 58 | 0 | 100 | 63.29 | 83.86 |
| | **Total** | 694 | 571 | 120 | 33 | 78 | 95 | 135 | 158 | 64 | 8 | 74 | 0 | 571 | 82.28 | |
| | **Higher Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | I.B.Patel English School (GIA) | 35 | 35 | 0 | 0 | 4 | 9 | 12 | 4 | 6 | 0 | 0 | 0 | 35 | 100.00 | 85.13 |
| 2. | S. M. Patel HSC (Home Science) | 72 | 72 | 0 | 0 | 4 | 4 | 20 | 22 | 15 | 7 | 0 | 2 | 72 | 100.00 | 92.07 |
| 3. | T. V. Patel HSC (Com.- Arts Stream) | 387 | 382 | 5 | 4 | 34 | 57 | 88 | 119 | 72 | 8 | 0 | 0 | 382 | 98.71 | 92.69 |
| 4. | R. P. T. P. HSC (Science Stream) | 571 | 513 | 58 | 21 | 82 | 89 | 89 | 117 | 90 | 25 | 58 | 0 | 513 | 89.84 | 84.33 |
| 5. | V & C Patel English School (S) (Sci.) (CBSE) (C) | 36 | 36 | | | | | | | | | | | | 100 | 85.20 (Overall) |
| | **Total** | 571 | 513 | 58 | 21 | 82 | 89 | 89 | 117 | 90 | 25 | 58 | | 513 | 89.84 | |

**BOOK POST**
June 2026

V-Vidyanagar 28 (6)
Published on 05/6/2026
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

**Bankimchandra Chattopadyay**



**(26 June 1838 To 8 April 1894)**

Bankimchandra Chattopadyay (anglicised as Bankim Chandra Chatterje) was an Indian Bengali novelist, poet, essayist and journalist. He was the author of the 1882 Bengali language novel *Anandamath*, which is one of the landmarks of modern Bengali and Indian literature. He was the composer of *Vande Mataram*, written in highly Sanskritised Bengali, personifying India as a mother goddess. Chattopadhayay wrote fourteen novels and many serious, serio-comic, satirical, scientific and critical treatises in Bengali. He is known as *Sahitya Samrat* (Emperor of Literature) in Bengali

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )